


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 343
Dt.: 24-08-2025,
Sunday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


૧૦૦ ટકા ટેકનોલોજી ટ્રાન્સફર પણ થશે!

# સ્ટીલ્થ જેટ એન્જિન બનાવવા ભારત અને ફ્રાંસની પાર્ટનરશીપ

## સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ફ્રાન્સની સફ્રાન કંપની સાથે સંયુક્ત રીતે ૧૨૦ KN થ્રસ્ટવાળા શક્તિશાળી જેટ એન્જિનના ઉત્પાદનની પુષ્ટિ કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતે તેના સ્વદેશી પાંચમી પેઢીના ફાઈટર જેટ, AMCA (એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ) માટે એક નવું અને શક્તિશાળી જેટ એન્જિન વિકસાવવા માટે ફ્રાન્સ સાથે કરાર કર્યો છે.

આ નિર્ણય યુનાઈટેડ સ્ટેટ્સને મોટો આર્થિક અને રાજદ્વારી ઝટકો છે, કારણ કે અમેરિકન કંપનીઓ આ પ્રોજેક્ટ માટે એન્જિન સપ્લાય કરવાની આશા રાખી રહી હતી. આ ભાગીદારી ભારતના આત્મનિર્ભર ભારત વિઝનને મજબૂત બનાવશે અને બંને દેશો વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોને વધુ ગતિ આપશે.

ભારત હવે સ્વદેશી લડાકુ વિમાનોના નિર્માણ માટે સંપૂર્ણપણે આત્મનિર્ભર બનવાના માર્ગે છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ફ્રાન્સની સફ્રાન કંપની સાથે સંયુક્ત રીતે 120 KN થ્રસ્ટવાળા શક્તિશાળી જેટ એન્જિનના ઉત્પાદનની પુષ્ટિ કરી છે. આ સોદામાં સૌથી મહત્વની વાત એ છે કે ફ્રાન્સ ૧૦૦% ટેકનોલોજી ભારતને ટ્રાન્સફર કરશે. આ પગલું અમેરિકા માટે મોટો આંચકો છે, જે આ પ્રોજેક્ટ માટે પોતાના GE-414 એન્જિન વેચવાની આશા રાખી રહ્યું હતું. આ પ્રોજેક્ટનો ખર્ચ આશરે $7 બિલિયન થશે અને તેનાથી ભારતના સંરક્ષણ ક્ષેત્રમાં સ્વદેશી નિર્માણ અને ટેકનોલોજીકલ સ્વતંત્રતાને વેગ મળશે. ભારતનું સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) ફ્રાન્સની જાણીતી કંપની સફ્રાન સાથે મળીને એક અત્યાધુનિક ૧૨૦ કિલોન્યુટન થ્રસ્ટનું જેટ એન્જિન વિકસાવશે. આ સોદાનો સૌથી મોટો ફાયદો એ છે કે સફ્રાન કંપની આ એન્જિન સંબંધિત ૧૦૦% ટેકનોલોજી ભારતને ટ્રાન્સફર કરવા સંમત થઈ છે. આનાથી ભારત પોતાના દેશમાં જ એન્જિનનું ડિઝાઈનિંગ, ઉત્પાદન, પરીક્ષણ અને પ્રમાણપત્ર કરી શકશે, જે લાંબા ગાળે ભારતને આ ક્ષેત્રે સંપૂર્ણપણે આત્મનિર્ભર બનાવશે.

લાંબા સમયથી, અમેરિકાની કંપનીઓ, ખાસ કરીને જનરલ ઈલેક્ટ્રિક (GE), ભારતના AMCA પ્રોજેક્ટ માટે GE-414 એન્જિન સપ્લાય કરવાની આશા રાખી રહી હતી. પરંતુ ફ્રાન્સ સાથેના આ કરારને કારણે અમેરિકાને એક મોટો આંચકો લાગ્યો છે. ભારતનો આ નિર્ણય અમેરિકાના તાજેતરના ટેરિફ યુદ્ધ અને અન્ય નીતિઓ સામે એક મજબૂત પ્રતિક્રિયા તરીકે પણ જોઈ શકાય છે. જોકે, શરૂઆતના કેટલાક AMCA યુનિટ્સ GE-414 એન્જિન સાથે ઉડાન ભરશે, પરંતુ ભવિષ્યમાં ભારતીય વાયુસેના સંપૂર્ણપણે સ્વદેશી એન્જિન પર નિર્ભર રહેશે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ધ ઈકોનોમિક ટાઈમ્સ વર્લ્ડ લીડર્સ ફોરમમાં આ પ્રોજેક્ટની જાહેરાત કરતાં જણાવ્યું કે, "અમે અમારી પાંચમી પેઢીના ફાઈટર જેટ બનાવવા તરફ આગળ વધ્યા છીએ. અમે ભારતમાં જેટ એન્જિનનું ઉત્પાદન શરૂ કરવા માટે ફ્રેન્ચ કંપની સફ્રાન સાથે મળીને કામ કરવા જઈ રહ્યા છીએ." આ $7 બિલિયનના પ્રોજેક્ટને ટૂંક સમયમાં સુરક્ષા પરની કેબિનેટ સમિતિ (CCS) ની મંજૂરી માટે



મોકલવામાં આવશે. આ પગલું ભારતીય સંરક્ષણ ક્ષેત્ર માટે એક ક્રાંતિકારી પરિવર્તન સાબિત થશે, કારણ કે તે લડાકુ વિમાનોના મુખ્ય ઘટક એન્જિન માટે વિદેશી નિર્ભરતાને સમાપ્ત કરશે.

પછી એવો કાંડ કર્યો કે લોકોની આંખો ફાટી ગઈ

# સજીધજીને ૪ લોકો કારમાંથી ઉતર્યા અને કહ્યુંઅમે CBIમાંથી આવીએ છીએ

## દિલ્હીના શાહદરામાં, બદમાશોએ CBI અધિકારી બનીને એક વેપારીના લગભગ ૨.૩ કરોડ રૂપિયા લૂંટી લીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રાજધાની દિલ્હીના શાહદરા વિસ્તારમાં એક સનસનાટીભરી ઘટના પ્રકાશમાં આવી છે. અહીં બદમાશોએ CBI અધિકારી બનીને એક વેપારીના ઘરમાં ઘૂસીને કરોડો રૂપિયા લૂંટી લીધા હતા. આ ઘટનામાં એક મહિલા પણ સામેલ હતી, જે એક NGO સાથે સંકળાયેલી હોવાનું કહેવાય છે. દિલ્હી પોલીસે આ મહિલા સહિત બે આરોપીઓની ધરપકડ કરી છે અને તેમની પાસેથી લગભગ ૧.૦૮ કરોડ રૂપિયાની રોકડ રકમ જપ્ત કરી છે. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, ગાઝિયાબાદના ઈન્દિરાપુરમના રહેવાસી મનપ્રીતે ફરિયાદ નોંધાવી છે કે તેનો ફાઈનાન્સ, પ્રોપર્ટી ડીલિંગ અને બાંધકામનો વ્યવસાય છે. તેણે પોતાના વ્યવસાય માટે વિવેક વિહારમાં એક ઘર ભાડે રાખ્યું હતું. મનપ્રીતે જણાવ્યું કે છેલ્લા ૬-૭ મહિનામાં તેના વ્યવસાયમાંથી લગભગ ૨.૫ કરોડ રૂપિયા રોકડા મળી આવ્યા છે, જે તે જ ઘરમાં રાખવામાં આવ્યા હતા. ૧૯ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ, તેણે તેના મિત્ર રવિશંકરને ઘરેથી ૧.૧૦ કરોડ રૂપિયા કાઢીને ઈન્દિરાપુરમ લાવવા કહ્યું હતું. રવિશંકર પૈસા લઈને બાઈક પર નીકળતાની સાથે જ બે એર્ટિગા કારમાં આવેલા ચાર લોકોએ (એક મહિલા સહિત) તેમનો રસ્તો રોક્યો હતો. તેઓએ પોતાને સીબીઆઈ અધિકારી તરીકે ઓળખાવીને રવિશંકરને ધમકાવવાનું શરૂ કર્યું. આરોપ છે કે બદમાશોએ રવિશંકરને માર માર્યો અને પૈસા ભરેલી બેગ છીનવી લીધી હતી. આ પછી, તેઓ વિવેક વિહારમાં મનપ્રીતના ઘરમાં ઘૂસી ગયા અને ત્યાં હાજર તેના કર્મચારી દીપક મહેશ્વરીને ધમકાવીને બાકીની રકમ લૂંટી લીધી. બધા બદમાશો કુલ ૨.૩ કરોડ રૂપિયા લઈને ભાગી ગયા હતા.

ગુનો કર્યા પછી, લૂંટારુઓએ રવિશંકર અને દીપક મહેશ્વરીને બળજબરીથી તેમની કારમાં બેસાડીને ભાગી ગયા હતા. બાદમાં, તેઓ રવિશંકરને ચિંતામણિ અંડરપાસ નજીક અને દીપક મહેશ્વરીને નિગમબોધ ઘાટ પાસે છોડીને ગયા અને તેમને ઘટના વિશે કોઈને ન કહેવાની ચેતવણી આપી હતી.

ફરિયાદ મળ્યા બાદ, પોલીસે તપાસ શરૂ કરી અને સીસીટીવી ફૂટેજ સ્કેન કર્યા હતા. ફૂટેજમાં બંને કારના નંબર મળી આવ્યા હતા, જેના આધારે પોલીસ ટીમે ફરીદાબાદથી વાહનો અને તેમના ડ્રાઈવરોને પકડી લીધો. આ પછી, પોલીસ ટીમ સાકેતમાં એક એનજીઓની ઓફિસ પહોંચી હતી.

દરોડામાં પોલીસે ૩૧ વર્ષીય પાપોરી બરુઆ અને ૩૨ વર્ષીય દીપકની ધરપકડ કરાઈ છે. પાપોરી આસામનો રહેવાસી છે અને દિલ્હીના સાકેત સ્થિત આ એનજીઓનો સેક્રેટરી છે, જ્યારે દીપક તુગલકાબાદનો રહેવાસી છે. પોલીસે તેમની પાસેથી ૧.૦૮ કરોડ રૂપિયા રોકડા પણ જપ્ત કર્યા છે. પોલીસનું કહેવું છે કે આ કેસમાં હજુ પણ વધુ લોકો સંડોવાયેલા છે. બાકીની રકમ અને ફરાર આરોપીઓની શોધ ચાલુ છે. પોલીસ સૂત્રો કહે છે કે ટૂંક સમયમાં આ ગેંગના બાકીના સભ્યો પણ પકડાઈ જશે.

મચી ગઈ નાસભાગ

# ટેક ઓફ બાદ તરત જ પાયલટે રોકી દીધું પ્લેન

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીથી અમૃતસર જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટના પાયલોટે ટેકઓફ પહેલા અચાનક ફ્લાઈટ રોકી દીધી હતી. એરલાઈને હજુ સુધી પુષ્ટિ આપી નથી કે, મુસાફરોથી ભરેલા એર ઈન્ડિયા બોઈંગ ૭૮૭ વિમાનને ટેકઓફ પહેલા જ કેમ રોકવું પડ્યું.

**એર ઈન્ડિયાનું આ વિમાન રનવે પરથી ઉડાન ભરવાનું હતું અને અચાનક પાઈલટે પાછા ફરવાનો નિર્ણય લીધો**

એર ઈન્ડિયાનું આ વિમાન રનવે પરથી ઉડાન ભરવાનું હતું અને અચાનક પાઈલટે પાછા ફરવાનો નિર્ણય લીધો, ત્યારબાદ મુસાફરોમાં ગભરાટ ફેલાયો. મુસાફરોએ કહ્યું, "આજે આપણો જીવ બચી ગયો." છેલ્લા કેટલાક દિવસોથી એર ઈન્ડિયાની ફ્લાઈટ્સમાં સમસ્યાઓ જોવા મળી રહી છે. શુક્રવારે (૨૨ ઓગસ્ટ ૨૦૨૫) મુંબઈથી જોધપુર જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI645 ને ટેક-ઓફ કરતા પહેલા રોકવી પડી હતી. એર ઈન્ડિયાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, મુસાફરોની સલામતી અમારી ટોચની પ્રાથમિકતા છે. મુંબઈથી તિરુવનંતપુરમ જતી એર ઈન્ડિયાની ડોમેસ્ટિક ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળી હતી. ગુરુવારે (૨૨ ઓગસ્ટ) તિરુવનંતપુરમ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ભારે હોબાળો મચી ગયો હતો. આ ઘટના બાદ તાત્કાલિક એરપોર્ટ પર ઈમરજન્સી જાહેર કરવામાં આવી હતી. ધમકી બાદ, ફ્લાઈટ સવારે ૮ વાગ્યે તિરુવનંતપુરમ એરપોર્ટ પર લેન્ડ થઈ ગઈ હતી, ત્યારબાદ વિમાનને તાત્કાલિક આઈસોલેશન બેમાં લઈ જવામાં આવ્યું હતું. ત્યારબાદ, મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. બોમ્બની ધમકીને કારણે, વિમાનમાં બેઠેલા લોકોમાં ભયનો માહોલ હતો.

૧૭ ઓગસ્ટના રોજ કોચીથી નવી દિલ્હી જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI504 માં ટેક-ઓફ દરમિયાન ટેકનિકલ ખામી સર્જાઈ હતી, જેના કારણે ફ્લાઈટ મોડી પડી હતી. કોકપીટ ક્રૂએ માનક સંચાલન પ્રક્રિયાને અનુસરીને વિમાનને પાછું ખાડીમાં લઈ જવામાં આવ્યું હતું.

અમદાવાદ પ્લેન દુર્ઘટના બાદ ઈમર્જન્સી લેન્ડિંગ સહિતના એર ઈન્ડિયાના ફ્લાઈટસને લઈને આ પ્રકારની અનેક ઘટના બનતી રહી છે. શુક્રવારે સવારે મુંબઈથી જોધપુર જતી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં એક મોટી દુર્ઘટના ટળી ગઈ. એર ઈન્ડિયાની ફ્લાઈટ AI645 રનવે પર પૂરી ઝડપ પકડી ચૂકી હતી, પરંતુ અચાનક ટેકનિકલ ખામી સર્જાઈ ગઈ. આ પછી તરત જ, પાઈલટોએ રનવે પર જ પ્લેનને રોકી દીધું.

એર ઈન્ડિયાના પ્રવક્તાએ ઘટનાની પુષ્ટિ કરતા કહ્યું કે- ફ્લાઈટ છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટથી જોધપુર જતી હતી. ટર્મિનલ-૨ માં કોકપીટ ક્રૂએ સલામતીને ધ્યાનમાં રાખીને ફ્લાઈટ બંધ કરવાનો નિર્ણય લીધો અને સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રક્રિયાઓનું પાલન કર્યું. મુસાફરો માટે તાત્કાલિક વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી હતી.

પટણાના દનિયાવામાં ભીષણ માર્ગ અકસ્માત

# ટ્રકે ટક્કર મારતા રિક્ષાનો કચ્ચરઘાણ, ૮ લોકોના મોત

## ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે હોસ્પિટલ સારવાર અર્થે ખસેડાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહારના પટણા જિલ્લા શનિવારે (૨૩ ઓગસ્ટ) એક ભીષણ માર્ગ અકસ્માતમાં આઠ લોકોના મોત નિપજ્યા છે અને ૬ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ મામલે પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ પટણામાં શનિવારે એક માર્ગ અકસ્માત થયો હતો. મલમા ગામના લોકો રિક્ષામાં ફતુહા ગંગા સ્નાન માટે જઈ રહ્યા હતા. આ દરમિયાન રસ્તામાં પૂરપાટ ઝડપે આવતી ટ્રક અને રિક્ષાની ટક્કર થઈ ગઈ. ટક્કર એટલી જોરદાર હતી કે, રિક્ષાનું કચ્ચરઘાણ નીકળી ગયું હતું. આ અકસ્માતમાં ૮ લોકોના મોત નિપજ્યા છે અને ૬ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માત બાદ ટ્રક ચાલક વાહન સહિત ફરાર થઈ ગયો હતો. જોકે, સ્થાનિકો દ્વારા માહિતી મળ્યા બાદ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી. ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. જોકે, ગંભીર સ્થિતિ હોવાના કારણે તેમને પટણા રિફર કરવામાં આવ્યા હતા. સમગ્ર મામલે પોલીસે અકસ્માત અને હિટ એન્ડ રનનો ગુનો દાખલ કરી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. જોકે, હજુ સુધી ટ્રક ચાલક કોણ હતો તે વિશે કોઈ માહિતી સામે નથી આવી.

ગામમાં આગ ફેલાતા ૨ના મોત, ૫૦થી વધુ દાઝ્યાં

# પંજાબમાં કાર અને LPG ટેન્કર વચ્ચે ભીષણ ટક્કર

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

પંજાબમાં હોશિયારપુર-ઝાલંધલર નેશનલ હાઈવે પર એક એલજીપી ટેક્રર અને અન્ય વાહન વચ્ચે ટક્કર બાદ થયેલા ભીષણ વિસ્ફોટમાં ઓછામાં ઓછા બે લોકોના મોત નિપજ્યા છે. જોકે, ૫૦થી વધુ લોકો દાઝ્યા હતા. મળતી માહિતી મુજબ, શુક્રવારે રાત્રે આશરે ૧૦: ૪૫ વાગ્યે અકસ્માત સર્જાયો હતો. એલપીજી ટેક્રર બીજા વાહન સાથે અથડાયા પછી, ગેસ લીક થવા લાગ્યો, જેના કારણે આસપાસના ચાર-પાંચ મકાનો અને ૧૫થી વધુ દુકાનોમાં આગ લાગી ગઈ હતી. ઘણાં ગ્રામજનો પણ આગમાં ફસાયા હતા. જેમાંથી ઘણાં લોકો ઘરમાં સૂતા હતા, તેથી તેમને ભાગવાનો વધુ સમય ન મળ્યો. આ ઘટનામાં ઓછામાં ઓછા બે લોકોના મોત નિપજ્યા છે અને ૫૦થી વધુ લોકો આગમાં દાઝ્યા હતા. જોકે, હજુ સુધી કેટલા લોકો ગુમ છે, તે વિશે કોઈ નક્કર માહિતી સામે નથી આવી.

સ્થાનિક લોકોનું કહેવું છે કે, આ ટેક્રરે એક કારને ટક્કર મારી હતી, ત્યાર બાદ ગેસ લીક થવાના કારણે ધમાકો થયો અને આખાય વિસ્તારમાં આગ લાગી ગઈ હતી. તેજ હવાના કારણે ગેસ ફેલાતો રહ્યો અને તેની સાથે આગ પણ વધતી રહી. ગ્રામજનો પોતાનો જીવ બચાવવા ગમે ત્યાં ભાગી રહ્યા હતા. હાલ ઈજાગ્રસ્તોને હોશિયારપુરની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જેમાં ૫-૭ લોકો એવા છે, જે ખૂબ જ ગંભીર રીતે બળી ગયા છે અને તેમને બીજી હોસ્પિટલ લઈ જવા કહેવામાં આવ્યું છે.આ દરમિયાન પોલીસે હોશિયારપુર-ઝાલંધર નેશનલ હાઈવે પર બેરિકેડ લગાવી દીધા છે અને વાહનોની અવર-જવર પર રોક લગાવી દીધી છે. જોકે, હજુ સુધી સ્થિતિ સંપૂર્ણ સ્થિર નથી થઈ. પરિસ્થિતિ કાબૂમાં આવ્યા બાદ દુર્ઘટનાના કારણ અને નુકસાનની તપાસ કરવામાં આવશે.

# ભારતીય અંતરિક્ષ સ્ટેશનનું મૉડલ ઈસરોએ બતાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ISRO) એ રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસના બે દિવસીય સમારોહ દરમિયાન ભારતીય અંતરિક્ષ સ્ટેશન (BAS) ના મોડલને પ્રથમ વખત દુનિયા સમક્ષ રજૂ કર્યું. આ સમારોહ નવી દિલ્હીના ભારત મંડપમમાં શરૂ થયો છે.ભારતનો લક્ષ્ય છે કે ૨૦૨૮ સુધી BAS-01 એટલે કે પ્રથમ મોડ્યુલ, અંતરિક્ષમાં સ્થાપિત થાય અને ૨૦૩૫ સુધીમાં સંપૂર્ણ અંતરિક્ષ સ્ટેશન તૈયાર થાય. આ ભારતને તે પસંદગીના દેશોની યાદીમાં સામેલ કરશે, જે પોતાના અંતરિક્ષ સ્ટેશન ચલાવે છે.ભારતીય અંતરિક્ષ સ્ટેશન (BAS) ભારતનું સ્વદેશી અંતરિક્ષ સ્ટેશન હશે, જે પૃથ્વીથી ૪૫૦ કિલોમીટર ઉપર લો અર્થ ઓર્બિટ (LEO) માં સ્થાપિત થશે. હાલમાં દુનિયામાં માત્ર બે અંતરિક્ષ સ્ટેશન છે. આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન (ISS): આને અમેરિકા, રશિયા, યુરોપ, જાપાન અને કેનેડાની અંતરિક્ષ એજન્સીઓ મળીને ચલાવે છે. તિયાંગોંગ અંતરિક્ષ સ્ટેશન: આ ચીનનું છે. ભારતનું મ્છજી આથી અલગ હશે, કારણ કે તે સંપૂર્ણપણે સ્વદેશી ટેકનોલોજી પર આધારિત હશે. ISRO નું લક્ષ્ય છે કે ૨૦૩૫ સુધી BAS ના પાંચ મોડ્યુલ્સ અંતરિક્ષમાં સ્થાપિત થાય, જે તેને એક સંપૂર્ણ અંતરિક્ષ પ્રયોગશાળા બનાવશે. ISRO એ સ્પષ્ટ કરી દીધું છે કે ભારત હવે માત્ર રૉકેટ અને સેટેલાઈટ બનાવવામાં અટકશે નહીં. વર્ષ ૨૦૨૮ સુધીમાં ભારતીય અંતરિક્ષ સ્ટેશનનું પ્રથમ મોડ્યુલ અંતરિક્ષમાં મોકલવામાં આવશે.

રશિયા-યુક્રેન યુદ્ધ મામલે ટ્રમ્પનું મોટું નિવેદન

# મે ક્યારેય વિચાર્યું ન હતું કે, આ આટલું મુશ્કેલ બનશેઃ ટ્રમ્પ

## રશિયા પર પ્રતિબંધો લાદવાની સંભાવના વ્યક્ત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે કહ્યું હતું કે, બે અઠવાડિયામાં મને ખબર પડી જશે કે યુક્રેન પર રશિયાના આક્રમણને સમાપ્ત કરવાના મારા પ્રયાસમાં પ્રગતિ શક્ય છે કે નહીં. તેમણે ફરી એકવાર રશિયા પર પ્રતિબંધો લાદવાની સંભાવના વ્યક્ત કરી હતી. ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા-યુક્રેન યુદ્ધ પ્રત્યે નારાજગી વ્યક્ત કરતાં કહ્યું હતું કે, મે ક્યારેય વિચાર્યું ન હતું કે આ આટલું મુશ્કેલ બનશે.

ઓવલ ઓફિસમાં પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે, હું શાંતિ સ્થાપનાના પ્રયાસોના કોઈપણ પાસાંથી ખુશ નથી. એક અઠવાડિયા પહેલા જ ટ્રમ્પે અલાસ્કામાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે વાતચીત કરી હતી. તેઓ હજુ સુધી યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી સાથે બેઠક માટે સહમત કરાવી શક્યા નથી.

ટ્રમ્પે કહ્યું, હું તેનાથી ખુશ નથી તેમજ આ યુદ્ધ સાથે જોડાયેલી કોઈપણ વસ્તુથી ખુશ નથી. મેં સાત યુદ્ધનો ઉકેલ લાવ્યો છે અને જો તમે યુદ્ધ પહેલાના અને ત્રણ વધુ યુદ્ધો વિશે વિચારો છો, તો તે દસ હશે. હવે, હું એ યુદ્ધ સાથે જોડાયેલી કોઈપણ વસ્તુથી ખુશ નથી. બિલકુલ ખુશ નથી. હવે જોઈએ કે આગળ શું થાય છે. મને લાગે છે કે આગામી બે અઠવાડિયામાં આપણે જાણવા મળી જશે કે, આગળ શું થવાનું છે.

# ડોનાલ્ડ ટ્રમ્પના પૂર્વ NSA જૉન બોલ્ટનના ઘર પર FBIના દરોડા

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકામાં શુક્રવાર સવારે એક ખૂબ જ ચોંકાવનારી ઘટના ઘટી, જ્યારે કેટલાય FBI એજન્ટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જૉન બોલ્ટનના DC-એરિયાવાળા ઘર પર દરોડા પાડ્યા. આ દરોડા એક હાઈ પ્રોફાઈલ સિક્યોરિટી તપાસ અંતર્ગત પડ્યા હતા. ટ્રમ્પ પ્રશાસનના એક અધિકારીએ આ અંગે જણાવ્યું હતું કે, FBI ડાયરેક્ટર કાશ પટેલના આદેશ પર તપાસ માટે ફેડરલ એજન્ટે સવારે ૭ વાગ્યે મેરીલેન્ડના બેથેસ્ડામાં બોલ્ટનના ઘરે રેડ કરવા પહોંચ્યા હતા. દરોડા શરુ થયા કે તરત બાદ FBI ડાયરેક્ટર કાશ પટેલે પોતાના સત્તાવાર એક્સ હેન્ડલ પર એક રહસ્યમય પોસ્ટ કરી, જેમાં તેમણે લખ્યું હતું કે, કોઈ પણ કાયદાથી ઉપર નથી...FBI એજન્ટ મિશન પર છે. એક સિનિયર અમેરિકી અધિકારીના જણાવ્યા અનુસાર, આ તપાસ કેટલાય વર્ષ પહેલા શરુ કરી હતી, પણ બાઈડન પ્રશાસને તેને રાજકીય કારણોથી બંધ કરી દીધી હતી.


પશ્ચિમ રેલવે દ્વારા બાંદ્રા ટર્મિનસ ⇌ ભાવનગર વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ચલાવાશે.

| ટ્રેન નં. | મૂળ સ્થાન અને ગંતવ્ય | ચલાવાના દિવસ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09209 | બાંદ્રા ટર્મિનસ -ભાવનગર | તા. 30.08.2025 | 13:50 કલાક (શનિવાર) | 04:30 કલાક (બીજા દિવસે) |
| 09210 | ભાવનગર - બાંદ્રા ટર્મિનસ | તા. 29.08.2025 | 20:20 કલાક (શુક્રવાર) | 10:20 કલાક (બીજા દિવસે) |

હોલ્ટ્સ: બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા, અમદાવાદ, વિરમગામ, સુરેન્દ્રનગર ગેટ, બોટાદ, ધોળા, સોનગઢ, સિહોર ગુજરાત અને ભાવનગર પરા સ્ટેશન બંને દિશામાં.

રચના: એસી 2-ટાયર, એસી 3-ટાયર, એસી 3-ટાયર (ઇકોનોમી), સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

સમય, વિરામ અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે,મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે

ટ્રેન નંબર 09209 અને 09210 માટે બુકિંગ 24.08.2025 થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે ચલાવાશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: X.com/WesternRly
અમને ફોલો કરો: Instagram/WesternRly

તમામ આરક્ષીત ટિકીટો માટે જરુરી ઓળખપત્ર સાથે રાખવું.

# તંત્રી લેખ......

## રખડતા શ્વાનોને રાહત

રખડતા શ્વાનનો મુદ્દો ન માત્ર દિલ્હી, બલ્કે દેશભર માટે ચર્ચા અને ચિંતાનો વિષય છે. જીવદયા ભલે ધર્મ છે, પણ એના લીધે લોકોની સલામતીના ગંભીર પ્રશ્ન ઊભા થતા હોય તો એ અંગે અંકુશ લાદવા જ પડે. નવી દિલ્હી - એનસીઆરમાં મામલો સર્વોચ્ચ અદાલત સુધી પહોંચ્યો અને પ્રથમ તબક્કે સુપ્રીમ કોર્ટે ફરમાન કર્યું કે રખડતા કૂતરા રસ્તા પર દેખાવા ન જોઈએ. જીવદયાપ્રેમીઓએ ફરમાનને અમાનવીય ગણાવ્યું. અલબત્ત, શુક્રવારે દેશની સર્વોચ્ચ અદાલતે શ્વાનોને પણ મોટી રાહત આપતાં કહ્યું કે બધા જ કૂતરાઓને શેલ્ટર હોમમાં રાખવામાં નહીં આવે, બલ્કે નસબંધીની રસી આપીને તેને છોડી દેવાશે. જો કે, આક્રમક અને હડકવાનાં લક્ષણો ધરાવતા કૂતરાને છોડવામાં નહીં આવે. આજે દિલ્હી હોય, મુંબઈ, અમદાવાદ, રાજકોટ કે ભુજ જીવદયાપ્રેમી કૂતરાઓને ખવડાવવા નીકળી પડે છે. ઘણીવાર રસ્તે ટોળાંમાં ઉભેલા શ્વાન રાહદારી કે વાહનચાલકોને કરડતા હોય છે. સુપ્રીમ કોર્ટે દિલ્હી - એનસીઆરમાં કૂતરાઓને જાહેર સ્થળોએ ખોરાક આપવાની મનાઈ ફરમાવી દીધી છે. આ માટે સત્તાવાળાઓને ડોગ ફીડિંગ સેન્ટરમાં કૂતરાઓને ખાવાનું આપવાનાં સ્થાનો ઊભાં કરવા આદેશ આપ્યો છે. સર્વોચ્ચ અદાલતના ચુકાદા કે નિરીક્ષણ આખા દેશ માટે બોધપાઠ સમાન હોય છે. તેનું સ્થાનિક સ્તરે અર્થઘટન કરીને નિર્ણય લેવાય એ જરૂરી છે. માત્ર રાજધાની દિલ્હીમાં શેરીકૂતરાઓની સંખ્યા આઠ લાખથી વધુ છે. કૂતરા માટે ફીડિંગ સેન્ટર બનાવવાં, આશ્રય સ્થાનો ઊભાં કરવા જેવા ઉકેલનો અમલ પડકારભર્યો રહેશે. દિલ્હીમાં પાલિકા વિવિધ બિનસરકારી સંસ્થાઓના સહયોગથી ૨૦ જેટલાં એનિમલ બર્થ કન્ટ્રોલ (એબીસી) સેન્ટર્સ ચલાવે છે. આ એકમોમાં શ્વાનોને વ્યંધીકરણ માટે રખાય છે અને સર્જરીના દસ દિવસ બાદ પાલિકા તેમને જ્યાંથી ઉપાડયા હોય ત્યાં પાછા છોડી દે છે. આ વ્યવસ્થા ૨૦૨૩ના એનિમલ બર્થ કન્ટ્રોલ (ડોગ્સ) નિયમોને અનુરૂપ છે, તો પ્રિવેન્શન ઓફ ક્રુએલ્ટી ટુ એનિમલ્સ એક્ટની જોગવાઈ મુજબ રખડતાં પ્રાણીઓને એક સ્થળેથી બીજાં સ્થળે વસાવી શકાય નહીં. આમ, સુપ્રીમ કોર્ટે હાલમાં આપેલા નિર્દેશો વર્તમાન નિયમ અને કાયદાથી વિરોધાભાસી છે. બીજું, અનેક નિષ્ણાતોનું માનવું છે કે સુપ્રીમ કોર્ટના આદેશો પર અમલ કરવાનું સહેલું નથી. ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન અને પ્રાણીઓના હક્કો માટે દાયકાઓથી લડતાં મેનકા ગાંધીએ અદાલતના નિર્ણયને બિનવ્યવહારુ, આર્થિક રીતે બિનકાર્યક્ષમ અને સ્થાનિક ઈકોલોજિકલ સંતુલન માટે સંભવિતપણે નુકસાનકારક ગણાવતાં કહ્યું છે કે તમે શેરીમાંથી શ્વાનોને હટાવી લેશો, તો વાંદરાઓ નીચે ઊતરી આવશે. ૧૮૮૦માં પેરિસમાંથી શ્વાન - બિલાડાનો મોટાપાયે સફાયો કરાયો, ત્યારે શહેરમાં ઉંદરોની વસ્તી વધી ગઈ હતી. આ સમસ્યાઓથી પણ આંખ આડા કાન કરી શકાય નહીં. દિલ્હીમાં આ વર્ષમાં અત્યાર સુધીમાં શ્વાન કરડવાના ૨૬ હજાર કેસ નોંધાયા છે અને ૩૧મી જુલાઈ સુધીમાં રાજધાનીમાં રેબિસના ૪૯ મામલાની નોંધ થઈ હતી.

# વિક્લી માર્કેટ રિપોર્ટ: સપ્તાહ દરમિયાન સોનાના વાયદામાં રૂ.૪૦૩ અને ચાંદીના વાયદામાં રૂ.૨૩૭નો ઘટાડો: ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૬નો સુધારો

### સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૧૭૦૯ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૦૪૩૬૧૧ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૮૬૯૦૩ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૧૯૮ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૧૮થી ૨૧ ઓગસ્ટના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૧૬૫૩૨૯.૬૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું.

કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૧૭૦૯.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૦૪૩૬૧૧.૫૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૧૯૮ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૨૮૧૬.૨૭ કરોડનું થયું હતું.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૮૬૯૦૩.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯૯૬૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૦૦૦૮૬ અને નીચામાં રૂ.૯૮૫૧૬ના મથાળે અથડાઈ, રૂ.૯૯૮૩૮ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૪૦૩ ઘટી રૂ.૯૯૪૩૫ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-ગિની ઓગસ્ટ વાયદો સપ્તાહના અંતે ૮ ગ્રામદીઠ રૂ.૩૭૭ ઘટી રૂ.૭૯૫૮૮ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-પેટલ ઓગસ્ટ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૬૭ ઘટી સપ્તાહના અંતે રૂ.૯૯૫૪ના ભાવે બંધ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો સપ્તાહના અંતે ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨૭ ઘટી રૂ.૯૯૦૩૫ થયો હતો. ગોલ્ડ-ટેન ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯૫૮૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૯૯૭૧૦ અને નીચામાં રૂ.૯૮૩૮૦ના મથાળે અથડાઈ, રૂ.૯૯૪૯૫ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૮૧ ઘટી રૂ.૯૯૨૧૪ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧૧૩૯૫૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૧૪૩૪૮ અને નીચામાં રૂ.૧૧૦૨૮૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૩૯૪૩ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૩૭ ઘટી રૂ.૧૧૩૭૦૬ના સ્તરે બંધ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો સપ્તાહના અંતે રૂ.૨૯૨ ઘટી રૂ.૧૧૩૪૦૮ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૨૯૫ ઘટી સપ્તાહના અંતે રૂ.૧૧૩૩૯૨ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૯૦૧૨.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ નિકલ સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૧૩૪૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૩૪૦ અને નીચામાં રૂ.૧૩૧૦.૧૦ના મથાળે અથડાઈ, રૂ.૧૩૫૦ના આગલા બંધ સામે રૂ.૨૯.૨૦ ઘટી રૂ.૧૩૨૦.૮૦ના ભાવે બંધ થયો હતો.

તાંબું ઓગસ્ટ વાયદો સપ્તાહના અંતે રૂ.૧૦.૧ ઘટી રૂ.૮૭૭.૩ના સ્તરે બંધ થયો હતો. જસત ઓગસ્ટ વાયદો રૂ.૫.૬ ઘટી સપ્તાહના અંતે રૂ.૨૬૫.૦૫ના ભાવે બંધ થયો હતો. એલ્યુમિનિયમ ઓગસ્ટ વાયદો સપ્તાહના અંતે રૂ.૪.૬૫ ઘટી રૂ.૨૫૦.૨૫ના ભાવે બંધ થયો હતો. સીસું ઓગસ્ટ વાયદો ૮૫ પૈસા ઘટી સપ્તાહના અંતે રૂ.૧૭૯.૩૫ના ભાવે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૫૭૩૫.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૨૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૪૨૦ અને નીચામાં રૂ.૪૧૯૮ના સ્તરને સ્પર્શી, રૂ.૧૮૧ ઘટી રૂ.૪૨૪૨ના સ્તરે બંધ થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૫૪૮૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૫૬૮ અને નીચામાં રૂ.૫૩૯૧ના સ્તરને સ્પર્શી, રૂ.૫૫૩૭ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૬ વધી રૂ.૫૫૬૩ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો સપ્તાહના અંતે રૂ.૨૫ વધી રૂ.૫૫૬૩ થયો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ ૩૦ પૈસા ઘટી સપ્તાહના અંતે રૂ.૨૪૮ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો સપ્તાહના અંતે ૩૦ પૈસા ઘટી રૂ.૨૪૮ના સ્તરે બંધ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૯૭ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૪૯.૫ ઘટી રૂ.૯૪૯.૭ થયો હતો. એલચી ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૫૫૦ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૬૬ વધી રૂ.૨૬૫૬ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૪૪૬૩૨.૨૯ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૪૨૨૭૧.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૫૫૮૬.૯૫ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૩૮૪.૨૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૧૪૦.૭૧ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૧૮૯૧.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. નિકલના વાયદામાં રૂ.૮.૫૫ કરોડનાં ૨૫૯ લોટનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૨૫.૭૯ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૫૭૩૭.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૯૮૭૧.૩૭ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૫૪.૧૪ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૪.૪૯ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૧૩૫૪૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૨૯૨૧૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૪૧૭૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૫૩૪૮૨ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૪૧૫ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૫૦૭૨ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૯૮૨૮ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૪૭૮૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૬૬૯ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૩૦૪૮ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૨૦૯૮ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે ૨૩૨૯૦ પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૨૩૪૯૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૨૯૫૨ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૦૬ પોઈન્ટ ઘટી ૨૩૧૯૮ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

#### નવેમ્બરમાં આર્જેન્ટિના ટીમ ભારતમાં રમશે મેચ

## લિયોનેલ મેસ્સી અને આર્જેન્ટિના ટીમ નવેમ્બરમાં આવશે ભારત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આર્જેન્ટિનાના લિયોનેલ મેસ્સીની ગણતરી દુનિયાના મહાન ફૂટબોલરોમાં થાય છે અને આખી દુનિયામાં તેમના ફેન્સ છે. હવે મેસ્સી અને તેમની આર્જેન્ટિના ટીમ એક ફ્રેન્ડલી મેચ માટે ભારત આવશે.

આર્જેન્ટિના ફૂટબોલ એસોસિએશને આ વાતની પુષ્ટિ કરી છે. ભારતીયો અને ફૂટબોલ ફેન્સ માટે આ કોઈ ઉત્સવથી ઓછું નથી. હજુ તે નક્કી નથી કે, આર્જેન્ટિનાની ટીમ ભારત આવ્યા પછી કોની સામે મેચ રમશે. આની જાહેરાત બાદ કરવામાં આવશે. આર્જેન્ટિના ફૂટબોલ એસોસિએશને એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું કે, આર્જેન્ટિના નેશનલ ટીમ ૨૦૨૫માં બે FIFA ફ્રેન્ડલી મેચ રમશે.

પહેલી મેચ ઓક્ટોબરમાં અમેરિકામાં (તારીખ ૬ થી ૧૪) અને બીજી મેચ નવેમ્બરમાં ભારતના કેરળમાં (તારીખ ૧૦ થી ૧૮) રમાશે.

એવું પણ કહેવામાં આવ્યું છે કે, આ બન્ને મેચોમાં લિયોનેલ મેસ્સી આર્જેન્ટિનાનું કેપ્ટનશિપ સંભાળશે. આ મેચો ઉલ્લેખિત તારીખોમાંથી કોઈપણ એક તારીખે યોજાઈ શકે છે. લિયોનેલ મેસ્સીની કેપ્ટન્સીમાં જ આર્જેન્ટિનાની ટીમે ફિફા વર્લ્ડ કપ ૨૦૨૨નો ખિતાબ જીત્યો હતો. તે સમયે ભારતીયો અને કેરળ રાજ્યએ આર્જેન્ટિનાની ટીમને ખૂબ જ સપોર્ટ કર્યો હતો.

બાદમાં જ્યારે આર્જેન્ટિનાની ટીમે વર્લ્ડ કપ ટ્રોફી જીતી, ત્યારે તેમણે ભારત, બાંગ્લાદેશ અને કેરળ રાજ્યનો પણ તેમના સમર્થન બદલ ખાસ આભાર માન્યો. ગયા વર્ષે નવેમ્બરમાં કેરળના રમતગમત મંત્રી વી.વી. અબ્દુરહિમાને આર્જેન્ટિનાના કેરળ પ્રવાસના નિર્ણયની પ્રશંસા કરતી વખતે આ જાહેરાત કરી હતી.

બાદમાં તેમણે આર્જેન્ટિનાના ફૂટબોલ એસોસિએશનના ચીફ કોમર્શિયલ અને માર્કેટિંગ ઓફિસર લીએન્ડ્રો પીટરસન સાથે પણ આ મુદ્દા પર લાંબી ચર્ચા કરી હતી. એવી શક્યતા છે કે, જ્યારે આર્જેન્ટિનાની ટીમ ભારત આવશે, ત્યારે તેમની મેચ તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ સ્ટેડિયમમાં રમાઈ શકે છે.

#### જામનગર મહાનગર પાલિકા દ્વારા નવી વોટ્સએપ સુવિધાઓની શરૂઆત

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર મહાનગર પાલિકા દ્વારા ૧૫મી ઓગસ્ટથી નવી વોટ્સએપ સુવિધાઓની શરૂઆત કરી છે. આ માટે મહાનગર પાલિકાએ એક વોટ્સએપ નંબર જાહેર કર્યો છે, જેના માધ્યમથી વિવિધ સુવિધાઓ મેળવી શકાશે અને લોકો ફરિયાદ પણ કરી શકશે. જામનગર મહાનગર પાલિકાએ શહેરીજનો માટે વોટ્સએપ નંબર ૯૪૨૬૫ ૨૪૩૬૫ જાહેર કર્યો છે. આ નંબર પર પ્રથમ હાઈ ટાઈપ કરી સંપર્ક જોડવાનો રહેશે, આ પછી ભાષા અને સંબંધિત શાખા પસંદ કરવાની રહેશે. ત્યાર પછી તમે જે સર્વિસ મેળવવા ઈચ્છતા હો, એ સર્વિસ પસંદ કરવાની રહેશે. આ એક વોટ્સએપ ચેટબોટ છે. આ વોટ્સએપ નંબર મારફતે શહેરીજનો ઓનલાઈન પેમેન્ટ, ઓનલાઈન ટેક્સ એપ્લિકેશન, સર્ચ એસેસમેન્ટ નંબર, ઓનલાઈન રિસિપ્ટ, બિલ ડાઉનલોડ, એસેસમેન્ટ નોટિસ અને મોબાઈલ નંબર રજિસ્ટ્રેશન સેવાઓ મેળવી શકશે.આ ઉપરાંત ઈસી પ્રોફેશનલ ટેક્સ તથા આરસી પ્રોફેશનલ ટેક્સ માટે પણ આ નંબર ઉપયોગમાં લઈ શકાશે. તેમજ ફરિયાદો નોંધાવી શકાશે, અને સર્ટિફિકેટ તથા અરજીપત્રકો મેળવી શકાશે. આ સેવામાં જામનગર મહાનગર પાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓની વિગતો મેળવી શકાશે. મહાનગર પાલિકાએ નગરજનોને આ સેવાઓનો લાભ લેવા અનુરોધ કર્યો છે. આ સેવા શરૂ કરવા માટે કમિશનર ડી.એન.મોદીની સુચનાથી ચીફ એકાઉન્ટ ઓફિસર જીગ્નેશ નિર્મલે જહેમત ઉઠાવી હતી. જેમણે અગાઉ જેએમસી કનેક્ટ એપ્લિકેશન પણ રજૂ કરી હતી.

#### થોડા જ દિવસમાં બધુ ભૂલી ગયા? જીવની કિંમત ઝીરો

## ભારતના પૂર્વ ખેલાડીએ પાકિસ્તાન સાથેની મેચનો કર્યો વિરોધ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંયુક્ત આરબ અમીરાતમાં આવતા મહિનાથી એશિયા કપ-૨૦૨૫ રમાશે અને બધાની નજર આ ટુર્નામેન્ટ પર છે. તેનું કારણ ૧૪ સપ્ટેમ્બરે ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ છે. ભારતમાં આ મેચનો ભારે વિરોધ થઈ રહ્યો છે અને તેનું કારણ એપ્રિલમાં થયેલો પહલગામ આતંકવાદી હુમલો છે, જેમાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા. હવે પૂર્વ ભારતીય બેટ્સમેન મનોજ તિવારીએ આ મેચ અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે આ મેચનો વિરોધ કર્યો છે.

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો વધુ ખરાબ થઈ ગયા છે. ભારતે દરેક મોરચે પાકિસ્તાનનો વિરોધ કર્યો છે, પરંતુ તેમ છતાં એશિયા કપમાં આ મેચ માટે BCCIએ સંમતિ આપવાથી ઘણા લોકો નારાજ થયા છે. મનોજ તિવારી તેમાંથી જ એક છે. ભારતના ખેલ મંત્રાલયે પણ આ મેચને લીલી ઝંડી આપી દીધી છે. તેમણે કહ્યું છે કે આ મેચ કોઈપણ વિક્ષેપ વિના રમાશે, પરંતુ ભારત પાકિસ્તાન સાથે કોઈ દ્વિપક્ષીય સીરિઝ નહીં રમશે. ખેલ મંત્રાલયના નિવેદન પર પ્રતિક્રિયા આપતા મનોજે કહ્યું કે, હું એ બાબતથી થોડો હેરાન છું કે, આ મેચ થવા જઈ રહી છે. પહલગામ હુમલો થયો હતો જેમાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા હતા. ત્યારબાદ યુદ્ધ થયું અને ઘણી વાતો થઈ કે આ વખતે આપણે જડબાતોડ જવાબ આપીશું. તેમણે કહ્યું કે, તેમ છતાં પણ થોડા જ દિવસોમાં બધુ ભૂલી ગયા. મારા માટે વિશ્વાસ કરવું મુશ્કેલ થઈ રહ્યું છે કે આ મેચ થઈ રહી છે. માણસના જીવની કિંમત ઝીરો છે. પાકિસ્તાન સામે મેચ રમીને તેઓ શું હાંસલ કરવા માંગે છે? શું માણસના જીવનનું મૂલ્ય રમત કરતાં વધુ હોવું જોઈએ. મારા માટે તો આ મેચ જોવાનો કોઈ સવાલ જ નથી. મનોજ તિવારી પહેલા ભારતના પૂર્વ ક્રિકેટર હરભજન સિંહે પણ આ મેચના આયોજનની ટીકા કરી હતી અને કહ્યું હતું કે, આપણી સેના અને જીવ ગુમાવનારા લોકો સામે આ રમત કંઈ જ નથી. બીજી તરફ ભારતના અન્ય એક પૂર્વ બેટ્સમેન કેદાર જાધવે પણ આ મેચનો વિરોધ કર્યો છે અને કહ્યું છે કે આ મેચ થવી મુશ્કેલ છે.

#### એશિયા કપ પહેલા ભારતને મોટો ઝટકો

## સંજુ સેમસન બાદ વધુ એક ખેલાડી અચાનક બીમાર

### T20 વાઈસ-કેપ્ટન શુભમન ગિલ બીમાર હોવાના અહેવાલ છે અને હાલમાં તે ચંદીગઢમાં પોતાના ઘરે આરામ કરી રહ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એશિયા કપ ૨૦૨૫ પહેલા ટીમ ઈન્ડિયા માટે વધુ એક ખરાબ સમાચાર આવ્યા છે. ભારતના T20 વાઈસ-કેપ્ટન શુભમન ગિલ બીમાર હોવાના અહેવાલ છે અને હાલમાં તે ચંદીગઢમાં પોતાના ઘરે આરામ કરી રહ્યો છે. તમને જણાવી દઈએ કે તાજેતરમાં શુભમન ગિલને એશિયા કપ ૨૦૨૫ માટે ભારતની ૧૫ સભ્યોની T20 ટીમમાં T20 વાઈસ-કેપ્ટન તરીકે સામેલ કરવામાં આવ્યો છે. BCCI પસંદગી સમિતિએ શુભમન ગિલને ભારતના નવા T20 વાઈસ-કેપ્ટન તરીકે નિયુક્ત કર્યા છે. તેથી શુભમન ગિલને એશિયા કપ ૨૦૨૫ દરમિયાન ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ ઈલેવનમાં પસંદ કરવામાં આવે તે નિશ્ચિત છે.

ભારતીય T20 ટીમમાં હાલની પરિસ્થિતિને જોતાં શુભમન ગિલને અભિષેક શર્મા સાથે ઓપનિંગ માટે મેદાનમાં ઉતારી શકાય છે. એશિયા કપ ૨૦૨૫ પહેલા શુભમન ગિલની તબિયત અચાનક બગડવાના સમાચાર છે. આવી સ્થિતિમાં તે કોઈ મોટી ટુર્નામેન્ટમાંથી પોતાનું નામ પાછું ખેંચી શકે છે. ક્રિકબઝના અહેવાલ મુજબ, શુભમન ગિલની તાજેતરમાં ફિઝિયો દ્વારા તપાસ કરવામાં આવી હતી અને BCCIને પણ તેના સ્વાસ્થ્ય વિશે જાણ કરવામાં આવી હતી. શુભમન ગિલ એશિયા કપ ૨૦૨૫ ટુર્નામેન્ટ માટે ફિટ થવાની ધારણા છે, પરંતુ બીમારીને કારણે તે દુલીપ ટ્રોફીમાં રમી શકશે નહીં.

શુભમન ગિલને ઉત્તર ઝોનનો કેપ્ટન બનાવવામાં આવ્યો. ગમે તે હોય એશિયા કપ ૨૦૨૫માં તેની ભાગીદારીને કારણે આ સ્ટાર બેટ્સમેન દુલીપ ટ્રોફી ટૂર્નામેન્ટમાંથી બહાર થવાની ધારણા હતી. દુલીપ ટ્રોફી ટૂર્નામેન્ટ ૨૮ ઓગસ્ટથી શરૂ થશે અને ૧૫ સપ્ટેમ્બર સુધી ચાલશે. જોકે, એશિયા કપ ૨૦૨૫ ટૂર્નામેન્ટ ૯ સપ્ટેમ્બરથી શરૂ થઈ રહી છે. આનો અર્થ એ થયો કે શુભમન ગિલ ફક્ત દુલીપ ટ્રોફીના શરૂઆતના રાઉન્ડમાં જ રમી શકશે. શુભમન ગિલ હવે સમગ્ર દુલીપ ટ્રોફી ટૂર્નામેન્ટમાંથી બહાર થવાની ધારણા છે. ઉત્તર ઝોનની પસંદગી સમિતિએ આવી પરિસ્થિતિનો પહેલાથી જ અંદાજ લગાવી લીધો હતો અને શુભમન ગિલના સ્થાને શુભમ રોહિલાનો ટીમમાં સમાવેશ કર્યો હતો. અંકિત કુમારને વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો છે અને હવે શુભમન ગિલની ગેરહાજરીમાં તેને કેપ્ટનશીપ સોંપવામાં આવશે. શુભમન ગિલ ઉપરાંત, ઉત્તર ઝોનની ટીમમાં એશિયા કપમાં જનારા બે વધુ ભારતીય ખેલાડીઓનો પણ સમાવેશ થાય છે. અર્શદીપ સિંહ અને હર્ષિત રાણાની ઝડપી બોલિંગ જોડી શરૂઆતના રાઉન્ડમાં રમી શકે છે અને પછી યુએઈ જઈ શકે છે, જ્યાં એશિયા કપ યોજાવાનો છે.


ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com


#### સગીરની હત્યા અને શાળાની માન્યતા મુદ્દે માગ્યો ખુલાસો

## અમદાવાદની સેવન્થ ડે સ્કૂલને DEOની નોટિસ

### આગામી ત્રણ દિવસમાં સ્કૂલે ખુલાસો કરવા જણાવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના મણિનગર વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થીને છરીના ઘા ઝીંકીને હત્યા કરી હોવાની ઘટનાના સમગ્ર દેશમાં પડઘાં પડ્યા છે. અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારી (DEO)એ સેવન્થ ડે સ્કૂલને નોટિસ ફટકારી છે. DEOએ સગીરની હત્યા અને શાળાની માન્યતા સહિતના મુદ્દે ખુલાસો માગ્યો છે. જેમાં આગામી ત્રણ દિવસમાં સ્કૂલે ખુલાસો કરવા જણાવ્યું છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદ DEOએ સેવન્થ ડે સ્કૂલને ICSE બોર્ડની માન્યતા માટે ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવતી NOC રદ કરવા નોટિસ ફટકારી છે. તેમજ ગુજરાત બોર્ડની વિજ્ઞાન પ્રવાહની સ્કૂલ કાર્યરત છે. જ્યારે સ્કૂલમાં સર્જાયેલી ઘટના અંગે કોઈ ખુલાસો કે અહેવાલ રજૂ કરાયો નથી.

સમગ્ર મામલે DEOએ સ્કૂલની માન્યતા રદ ન કરવી તે બાબતે ખુલાસો માગવામાં આવ્યો છે.

DEOએ નોંધ્યો છે કે, સ્કૂલમાં બનેલી ઘટનાને લઈને સ્કૂલે ઈજાગ્રસ્ત વિદ્યાર્થીની સારવાર માટે કોઈ પગલા ન લઈને બેદરકારી દાખવી છે. જ્યારે વિદ્યાર્થી વચ્ચે ઘણી વખત વિગ્રહની ઘટના સર્જાઈ છતાં શિક્ષણ વિભાગને કોઈને જાણ કરાઈ નથી.

## સંતાનો કરગરતા રહ્યાં, અને માતા પ્રેમી સાથે હાથ પકડીને નીકળી ગઈ

### પોલીસ મથકમાં જ બાળકો માતાને આજીજી કરતા રહ્યા અને માતાએ બાળકોને હડસેલી પ્રેમી સાથે જતી રહી

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

કળિયુગ જ આવ્યો હશે, તો જ નાકે નાકે આજે માનવીય સંબંધોની ભવાઈ ભજવાઈ રહી છે. એવી ઘટનાઓની બની રહી છે કે, રુંવાડા ઉભા કરી દે. માનવતા લજવાઈ જાય, પણ માનવોને શરમ આવતી નથી. આવો જ મમતાને લજવતો કિસ્સો ગુજરાતના છેવાડાના બનાસકાંઠા જિલ્લાથી સામે આવ્યો છે. પોલીસ મથકમાં જ બાળકો માતાને આજીજી કરતા રહ્યા અને માતાએ બાળકોને હડસેલી પ્રેમી સાથે જતી રહી.

આ ઘટના વાંચીને ભલભલાનું કાળજું કંપી ઉઠશે. અઠવાડિયા પહેલા દિયોદરના મકડાલા ગામની પરણિત મહિલા ગુમ થતા તેના પતિએ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસ કરતા મહિલા કાંકરેજના નાણોટા ગામના તેના પ્રેમી સાથે મૈત્રી કરાર કરી સાથે રહેતી હોવાનું સામે આવ્યું હતું. પોલીસે મહિલા અને તેના પ્રેમીને વલસાડથી ઝડપી પાડીને પોલીસ મથકે લાવવામાં આવ્યા હતા. આ બાદ મહિલાના પરિવારને બોલાવ્યો હતો. જોકે, રડાવી દેતી કહાની તો હવે શરૂ થાય છે. મહિલાને લેવા માટે ન માત્ર તેના સાસરીવાળા, પરંતુ તેના બે સંતાનો પણ આવ્યા હતા. સમજતા ઉંમરના થયેલા એક દીકરી અને એક દીકરો, જેઓને એટલું તો સમજાયું કે મમ્મી ઘર જોતીને જઈ રહી છે. તેથી પોલીસ મથકમાં જ બાળકો માતાને આજીજી કરતા રહ્યા. રડી રડીને મમ્મીને મનાવતા રહ્યાં. સંતાનોના આસું ન સૂકાયા, પરંતુ માતા પેટ જણ્યા બંને બાળકોને હડસેલી પ્રેમી સાથે જતી રહી. બે બાળકોની માતાએ પોતાના પ્રેમી માટે બાળકોને તરછોડ્યાનો જે વીડિયો આવ્યો છે, તે કાળજું કંપાવી દે તેવો છે. મમ્મીને મનાવવા તેના બાળકો હાથ પગ જોડીને રડતા રડતા આજીજી કરતા રહ્યા, પણ નિષ્ઠુર મહિલા ઉપર તેની કોઈ અસર ન થઈ. બાળક અને પતિ સાથે રહેવા ના માંગતી હોવાનું પરિણીતાએ સતત રટણ કર્યું હતું. ઉપરથી આ ઘટના સાથે જોડાયેલો બીજો વીડિયો સામે આવ્યો છે, જેમાં મહિલા તેના બાળકોને રડતા તરછોડીને તેના પ્રેમી સાથે નાણોટા ગામ જતા પ્રેમીના પરિવારે મહિલાને નવી દુલ્હનની જેમ વધાવી આવકારી હતી. એક તરફ મહિલાનો નવા ઘરમાં પ્રવેશ અને બીજી તરફ, મમ્મી વિનાના ઘરમાં એ બાળકોના દિવસો કેવા વીતતા હશે. કાળજું કંપાવી મૂકે તેવા હૃદય દ્રવી વિડિઓ સોસીયલ મીડિયામાં વાયરલ થતા મહિલા અને તેના પ્રેમી ઉપર લોકોએ ફિટકાર વરસાવ્યો.


ગરવી ગુજરાત




એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

### બોપલ ૪૦ લાખની લૂંટનો ભેદ ઉકેલાયો

# લૂંટ કેસમાં સાતની ધરપકડ, કામવાળીએ આપી હતી બાતમી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય પોલીસે બોપલમાં એક બંગલામાંથી ૪૦ લાખની કિંમતના દાગીના અને રોકડની ચોરીના કેસનો ગણતરીના દિવસોમાં જ ભેદ ઉકેલી નાખ્યો છે. આ કેસમાં કામવાળી સહિત સાત આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, ૧૭ ઓગસ્ટના રોજ વહેલી સવારે ૩ વાગ્યે બોપલ પોસ્ટ ઓફિસ પાસે આવેલા ચિદાનંદ બંગલામાં આ ચોરી થઈ હતી. આરોપીઓની એક ટુકડી બંગલામાં ઘૂસીને ૩૭૦ ગ્રામ સોનાના દાગીના, એક મોતીનો સેટ, ૩૦૦ ગ્રામ ચાંદીના ઘરેણાં અને ૫ લાખથી વધુની રોકડ લઈને ફરાર થઈ ગયા હતા. ચોરી થયેલા કુલ મુદ્દામાલની કિંમત આશરે ૪૦ લાખ આંકવામાં આવી છે.

પોલીસની ટીમે સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ માહિતી અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી તપાસ કરતાં જાણવા મળ્યું કે સાત વ્યક્તિઓએ સ્કૂટર અને સીએનજી રિક્ષાનો ઉપયોગ કરીને આ ચોરીને અંજામ આપ્યો હતો. આ તમામ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના વતની છે અને અમદાવાદમાં YMCA ક્લબ સરખેજ નજીક કામચલાઉ ઝૂંપડપટ્ટીમાં રહેતા હતા. આરોપીઓની ઓળખ ધનપાલ કાંતિલાલ મીણા, હરીશ મનોજ નાનોમા, ઉમેશ નાગજી પરમાર, ભાગુ ભરત મીણા, હરીશ જગદીશ કલાસુવા, ધનરાજ કેશુ કલાસુવા અને ક્રિષ્ના (ધનપાલ મીણાની દીકરી) તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું કે ક્રિષ્ના જે આ બંગલામાં ઘરકામ કરતી હતી. તેણે પરિવાર બહારગામ ગયો હોવાની અને બંગલામાં કિંમતી દાગીના હોવાની ગેંગને માહિતી પુરી પાડી હોવાથી આ ગેંગ ચોરીને અંજામ આપવામાં સફળ રહી હતી. બાતમીના આધારે પીએસઆઈ પી.જી. બારૈયા અને ટેકનિકલ ઓફિસર વિજય પટેલના નેતૃત્વમાં બોપલ ડી-સ્ટાફની ટીમે ધનપાલ મીણાને તેના વતન રાજસ્થાનના ગામમાંથી ૧૯ ઓગસ્ટના રોજ શોધી કાઢીને તેની ધરપકડ કર હતી. પૂછપરછ દરમિયાન તેણે ગુનો કબૂલ્યો અને તેના અન્ય સાગરીતોના નામ પણ જણાવ્યા જેના પગલે બાકીના આરોપીઓને પણ ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે તેઓ તેમના ઘરે કામ કરતા નોકર-ચાકરોની નજીકના પોલીસ સ્ટેશનમાં અથવા ઓનલાઈન સિટિઝન પોર્ટલ પર નોંધણી કરાવે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, આવી નોંધણી સુરક્ષા સુનિશ્ચિત કરવા અને આવી ઘટનાઓને અટકાવવા માટે મહત્વપૂર્ણ છે. જેમાં અંદરના લોકો ગુનેગારોને બાતમી આપે. તમામ સાત આરોપીઓ હાલ પોલીસ કસ્ટડીમાં છે, અને વધુ તપાસ હાથ ધરીને ચોરી થયેલા તમામ મુદ્દામાલને પણ જપ્ત કરવામાં આવ્યો છે.

# સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેરમાં અશાંતધારો લાગુ કરાયો: પ્રોપર્ટીના વેચાણ અગાઉ હવે કલેકટરની મંજુરી લેવી પડશે




પ્રતિનિધિ,ગાંધીનગર

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેરમાં અશાંતધારો લાગુ કરવામાં આવ્યો છે. જેથી હવે પ્રાંતિજ શહેરમાં પણ પ્રોપર્ટીના ખરીદ વેચાણ અગાઉ કલેકટરની મંજુરી લેવી પડશે.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકામાં અશાંતધારો લાગુ કરાયો છે. મહેસુલ વિભાગ દ્વારા આ અંગે નોટીફીકેશન જાહેર કરાયુ છે. પ્રાંતિજ શહેરના કેટલાક વિસ્તારોમાં અશાંતધારો લાગુ થશે. આ અશાંતધારો આગામી ૫ વર્ષ માટે એટલે કે ૨૦૩૦ સુધી યથાવત રહેશે. જાહેરનામા મુજબ હવે પ્રોપર્ટીના ખરીદ વેચાણ અગાઉ કલેકટરની મંજુરી લેવી પડશે.

મહેસુલ વિભાગ દ્વારા જાહેર કરાયેલા પરીપત્રમાં જણાવાયુ છે કે પ્રાંતિજ શહેરના અનુસુચિમાં ઉલ્લેખિત કેટલાક વિસ્તારોને ૫ વરસના સમયગાળા માટે એટલે કે ૪ ઓગસ્ટ ૨૦૨૫ થી ૩ ઓગસ્ટ ૨૦૩૦ સુધી અશાંત વિસ્તારો તરીકે જાહેર કર્યા છે. ગુજરાત સરકારે જાહેરનામાના સંદર્ભમાં કલેકટરની સત્તાઓ, પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ પ્રાંતિજ, જિલ્લા સાબરકાંઠાને સોંપવાનો નિર્ણય લીધો છે. તેથી ગુજરાત સ્થાવર મિલ્કતના ટ્રાન્સફર પર પ્રતિબંધ અને અશાંત વિસ્તારોના પરીસરમાંથી ખાલી કરાવવાથી ભાડુઆતોના રક્ષણ માટેની જોગવાઈ અધિનિયમ ૧૯૯૧ (ગુજરાત બાર ૧૯૯૧) (ત્યારબાદ ઉક્ત અધિનિયમ તરીકે ઓળખવામાં આવે છે) ની કલમ ૧૧ દ્વારા આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને ગુજરાત સરકાર આખી ઉપરોક્ત અધિનિયમની કલમ-૪, ૫ અને ૫-એ હેઠળ કલેકટર સાબરકાંઠા દ્વારા ઉપયોગમાં લેવાતી બધી સત્તાઓ પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ પ્રાંતિજ જિલ્લા સાબરકાંઠાને સોંપે છે.

૧૯૯૦ ના દાયકામાં ગુજરાતમાં ભારે કોમી તોફાનો થયા બાદ એ સમયે સ્વ.મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલે ગુજરાતમાં અશાંત વિસ્તાર ધારો લાગુ કરાવ્યો હતો. જેને પગલે અમદાવાદના હયાત ઉપરાંત નવા ૭૩ જેટલા વિસ્તારોનો ઉમેરો કરીને તેને અશાંત ધારામાં મુકી દેવાયા છે. હવે આ તમામ વિસ્તારોમાં પ્રોપર્ટીની ખરીદ વેચાણ પર અંકુશ આવી જશે. જિલ્લા કલેકટરની મંજુરી મળ્યા બાદ જ મકાન કે અન્ય પ્રોપર્ટીનુ વેચાણ થઈ શકશે. અમદાવાદ શહેરમાં કોમી તોફાનોને પગલે એક ગૃપના સ્થળાંતરને રોકવા અને બીજા ગૃપને એક જ વિસ્તારમાં અટકાવવા માટે વર્ષ ૧૯૮૫ થી આ ધારો અમલમાં મુકાયો હતો. પરંતુ આ અશાંતધારાને કેટલાક સરકારી બાબુઓ રૂપીયા કમાવવાનો ધંધો આદર્યો હોય તેવુ પણ લાગી રહ્યુ છે. કારણ કે કેટલાક સરકારી બાબુઓ બંધ બારણે બંને ખરીદ વેચાણ પાર્ટી પાસેથી ઉઘરાણું કરી ફાઈલો કલીયર કરી કલેકટર જોડે મંજુરી માટે મોકલતા હોય છે. ત્યારે આ અશાંતધારો કેટલાક સરકારી બાબુઓ માટે આવકનુ સાધન બની ગયો છે.

# અમદાવાદના સરદાર પટેલ સ્ટેડીયમમાં હજારોની ભીડ વચ્ચે બે સાંસદોએ મંત્રીની ધોતી ખેંચી હતી : ૨૯ વરસ બાદ કોર્ટે કેસ ઉપર પુર્ણવિરામ મુકયું

પ્રતિનિધિ,ગાંધીનગર

સરદાર પટેલ સ્ટેડીયમમાં ભાજપના એક કાર્યક્રમ દરમિયાન ગુજરાતના તત્કાલીન મંત્રી આત્મારામ પટેલની ધોતી ખેંચવાના મામલામાં ૨૯ વરસ બાદ શહેરની એક સેશન્સ કોર્ટે ગુરૂવારે પૂર્વ કેન્દ્રીય મંત્રી એ કે પટેલ જે ગુજરાત ભાજપના પહેલા બે લોકસભા સભ્યોમાંથી એક હતા. તેમના વિરૂધ્ધ ગુન્હાહીત મામલો ખતમ કરી દીધો છે,



ટાઈમ્સ ઓફ ઈન્ડીયાના રીપોર્ટ અનુસાર સરકારી વકીલે કેસને બંધ કરવાની અપીલ કરી હતી. કારણ કે પીડીત અને એક આરોપીનુ મૃત્યુ સુનાવણી દરમિયાન થઈ ચુકયુ છે. આ મામલામાં એક અન્ય ભાજપ નેતા મંગળદાસ પટેલ પણ આરોપી હતા. તેમનુ નિધન થઈ ચુકયુ છે. તો વળી પીડીત આત્મારામ પટેલનુ પણ નિધન થઈ ચુકયુ છે.

આ મામલો નારણપુરા પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સહિતાની કલમ ૩૦૭ અંતર્ગત નોંધાઈ હતી. તેમના પર ૧૯૯૬ માં મંત્રી પર કથિત રીતે હુમલો કરવા અને તેમની ધોતી ખેંચવાનો આરોપ હતો. મંગળદાસ હવે આ દુનિયામાં નથી, આરોપીએ તત્કાલીન મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ સાથે મતભેદના સમયે શંકરસિંહ વાઘેલાનુ સમર્થન કર્યુ હતું. આ ઘટના ભાજપના સીનીયર નેતા અટલ બિહારી વાજપેઈ દ્વારા સભાને સંબોધન કર્યાના તરત બાદ થઈ હતી. સરકારી વકીલ સુધીર બ્રહ્મભટ્ટે ૯૫ વર્ષીય પૂર્વ સાંસદ વિરૂધ્ધ કેસ પાછો ખેંચવા માટે સીઆરપીસીની કલમ ૩૨૧ અંતર્ગત એક આવેદન આપ્યુ હતું. આ કેસના સહ અભિયુકત મંગળદાસ પટેલ અને સાક્ષી પીડીત આત્મારામ પટેલનુ કેસ દરમિયાન નિધન થઈ ગયુ હતું.

બનાવો સાંભળ્યા બાદ એડીશનલ સેશન્સ જજ એચ જી પંડયાએ જણાવ્યુ હતુ કે આ કેસ ૨૮ વરસ પહેલા થયેલા આંતરીક રાજકીય પક્ષના વિવાદ સાથે સંબંધીત છે અને પીડીત આત્મારામભાઈ મગનભાઈ પટેલનુ અવસાન થયુ છે. સરકારી વકીલ દ્વારા કેસ પાછો ખેંચવાની વિનંતી સારી નિષ્ઠાથી કરવામાં આવી હોય તેવુ લાગે છે અને કેસ પાછો ખેંચવા પર પુરતો વિચાર કરવામાં આવ્યો છે તેથી રેકોર્ડ અને ગુન્હાના સ્વરૂપને ધ્યાનમાં રાખીને, ન્યાયના હીતમાં સીઆરપીસીની કલમ-૩૨૧ હેઠળ કેસ પાછો ખેંચવાની મંજુરી આપવી યોગ્ય છે. આ અગાઉ ૩૦ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ મેટ્રોપોલીટન કોર્ટે વીએચપી નેતા પ્રવિણ તોગડીયા અને દસ્કોઈ ભાજપના ધારાસભ્ય બાબુ જમના પટેલ સહિત ૪૧ ભાજપના કાર્યકરો અને રાજકારણીયો સામે સંબંધીત ફોજદારી કેસ ફગાવી દીધો હતો.

### પદયાત્રિકોની સુવિધા માટે વોટરપ્રુફ ડોમ તૈયાર

# અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાને લઈને તડામાર તૈયારીઓ

### ૧ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર સુધી આ મેળો યોજાવાનો છે : ભાદરવી પૂનમના મેળામાં લાખો ભક્તો દર્શન અર્થે આવતા હોય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અંબાજી

યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાને લઈને તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

૧ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર સુધી આ મેળો યોજાવાનો છે. ભાદરવી પૂનમના મેળામાં લાખો ભક્તો દર્શન અર્થે આવતા હોય છે. ત્યારે હવે અનેક સેવાભાવી સંસ્થાઓ પણ ભક્તોની સેવા માટે આગળ આવી છે. લાખો પદયાત્રિકો પગપાળા યાત્રા કરીને જતા હોય છે. ત્યારે પદયાત્રિકોની સુવિધા માટે પાલનપુર-અંબાજી હાઈવે, દાંતા- મહેસાણા હાઈવે તથા ખેડબ્રહ્મા-અંબાજી હાઈવે પર અનેક સેવા કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં પી.એન માળી ફાઉન્ડેશન પણ છેલ્લા ૮ વર્ષોથી ભક્તોની સેવા માટે કેમ્પનું આયોજન કરે છે. આ સેવા કેમ્પમાં યાત્રિકો માટે રહેવા-જમવાની સુવિધા, તબીબી સારવાર તથા આરામ માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આ ઉપરાંત વરસાદી સિઝનને ધ્યાને રાખીને વોટરપ્રુફ ડોમ પણ તૈયાર કરવામાં આવ્યા છે.

જેના કારણે ભક્તોને કોઈ અસુવિધા ન ઉભી થાય. ન માત્ર ભક્તો પરંતુ તંત્રના અધિકારીઓ સહિત કર્મચારીઓને પણ કોઈ અસુવિધા ન થાય તે માટે સેવા કેમ્પના સંચાલકો દ્વારા તમામ સુવિધા તૈયાર કરવામાં આવી છે.

# ગરીબોને અનાજના ફાંફા ને સરકારી ગોડાઉન રામભરોસે : અધિકારીઓની બેદરકારીને કારણે હજારો મેટ્રીક ટન અનાજ સડયું



પ્રતિનિધિ,ગાંધીનગર

એક તરફ ગરીબોને અનાજ મેળવવાના ફાંફા પડી રહ્યા છે. રેશનકાર્ડ પર મફત અનાજ લેવા લાંબી કતારો લાગે છે તો બીજી તરફ સરકાર અને અન્ન પુરવઠા વિભાગની લાપરવાહીને કારણે સરકારી ગોડાઉનોમાં અનાજની પુરતી કાળજી લેનાર કોઈ નથી. ગુજરાતમાં જાણે અન્ન નાગરીક પુરવઠા વિભાગના સરકારી ગોડાઉનો રામભરોસે પડયા છે. ખુદ કેન્દ્ર અન્ન પુરવઠા મંત્રાલયે એવો ઘટસ્ફોટ કર્યો છે કે ગુજરાતમાં છેલ્લા બે વરસમાં સરકારી ગોડાઉનોમાં કુલ મળીને ૧૧ હજાર મેટ્રીક ટન અનાજ સડી ગયુ છે. સરકારી ગોડાઉનમાં રેશનકાર્ડ ધારકોને અપાતા અનાજની સાચવણી કરવામાં આવે છે. સરકાર ભલે ડીંગો હાંકે કે સરકારી ગોડાઉનો સીસીટીવી, ફાયર સાધનોથી સજજ છે. પણ વાસ્તવિકતા કંઈક અલગ જ છે. રાજયમાં અન્ન નાગરીક પુરવઠા વિભાગની દેખરેખ હેઠળના સરકારી ગોડાઉન રામભરોસે હોય તેવુ લાગી રહ્યુ છે. કારણ કે ભ્રષ્ટાચારી તંત્ર અને બેદરકાર અધિકારીઓના પાપે ગરીબોનુ અનાજ પણ યોગ્ય રીતે સચવાતુ નથી. ખુદ કેન્દ્રીય અન્ન પુરવઠા મંત્રાલયે રીપોર્ટ જાહેર કર્યો છે કે વર્ષ ૨૦૨૩-૨૪ માં ગુજરાતમાં સરકારી ગોડાઉનોમાં ૪૩૨૨ મેટ્રીક ટન અનાજ સડી ગયુ હતું. હજારો ટન અનાજ સડી ગયુ હોવા છતાંય ગુજરાત અન્ન નાગરીક પુરવઠા વિભાગે દરકાર લીધી નહી, પરીણામે વધુ અનાજ સડી ગયુ હતું. વર્ષ ૨૦૨૪-૨૫ માં ૬૨૭૮ ટન અનાજ ખાવા લાયક રહ્યુ ન હતું. કુલ મળીને ૧૦૬૦૦ મેટ્રીક ટન અનાજ સરકારી તંત્રની લાપરવાહીને કારણે સડી ગયુ હતું. સડેલા અનાજની કિંમત ૩૪.૫૦ કરોડ રૂપીયા થવા જાય છે. અનાજની સચાવણીમાં બેદરકારી દાખવવા બદલ દસેક કિસ્સામાં કસુરવાર કર્મચારી સામે જરૂરી કાર્યવાહી કરી સરકારે જાણે સંતોષ માણ્યો છે. વાસ્તવમાં આજે ગુજરાતમાં કેટલાય સરકારી ગોડાઉનો એવા છે જે જાણે રેઢા પડયા છે. જર્જરીત અવસ્થામાં છે. ઉદરોનો ત્રાસ રહ્યો છે, ભારે વરસાદ, વાવાઝોડુ કે પુર આવે તો સરકારી ગોડાઉનો અનાજને સલામત રાખી શકે તેવા સક્ષમ નથી, આ કારણોસર હજારો ટન અનાજ બગડી જાય છે. ફીંગર પ્રિન્ટ સહિત અનેક ગતકડા કરીને ગરીબોને મફત અનાજ પણ આપવામાં આવે છે. પરંતુ ગરીબોના અનાજને સાચવવા પુરતા પગલા લેવાતા નથી. ટુંકમાં કેન્દ્ર સરકારે જ ગુજરાત સરકારના અન્ન નાગરીક પુરવઠા વિભાગની બેદરકારી ખુલ્લી પાડી છે.

### એકની ધરપકડ કરવામાં આવી

# ગાઝાના પીડિત તરીકે ઢોંગ કરીને દાન ઉઘરાવતી સિરિયન ગેંગનો પર્દાફાશ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એક સીરિયન નાગરિકની અટકાયત કરી છે, જે કથિત રીતે ગાઝા યુદ્ધનો પીડિત હોવાનો ઢોંગ કરીને ભારતના વિવિધ શહેરોની મસ્જિદોમાંથી દાન એકત્ર કરતો હતો. તપાસકર્તાઓને શંકા છે કે આરોપી ખોટા બહાના હેઠળ ભંડોળ ઉઘરાવતા એક મોટા જૂથનો ભાગ છે.અધિકારીઓના જણાવ્યા અનુસાર, આરોપી અલી મેધાત અલજાહેર (૨૩) છે, જે સીરિયાના દમાસ્કસનો રહેવાસી છે અને હાલ અમદાવાદના એલિસબ્રિજની હોટેલ રીગલ રેસીડેન્સીમાં રોકાયો હતો. પોલીસે જણાવ્યું કે અલજાહેર ટૂરિસ્ટ વિઝા પર ભારતમાં પ્રવેશ્યો હતો અને અમદાવાદ પહોંચતા પહેલા તેણે અનેક રાજ્યોમાં પ્રવાસ કર્યો હતો, જ્યાં તેણે મસ્જિદોની મુલાકાત લીધી હતી અને પોતે વિસ્થાપિત ગાઝા નિવાસી હોવાનો દાવો કરીને નાણાકીય સહાય માંગી હતી.ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ જણાવ્યું કે પૂછપરછ દરમિયાન તેણે કબૂલ્યું હતું કે તેણે ગાઝા સંઘર્ષના પીડિત તરીકે દાન એકત્ર કર્યું હતું અને તે પૈસાનો ઉપયોગ "લક્ઝુરિયસ જીવનશૈલી" જીવવા માટે કરતો હતો. તેના શરીર પર છાતીમાં ઈજાના નિશાન પણ મળ્યા હતા, જેને તેણે યુદ્ધમાં લડતા થયેલી ઈજા ગણાવી હતી.એક વરિષ્ઠ ક્રાઈમ બ્રાન્ચ અધિકારીએ જણાવ્યું કે, "પૂછપરછ દરમિયાન, અલજાહેરે શરૂઆતમાં માત્ર અરબી ભાષા જાણવાનો ઢોંગ કર્યો હતો. તેણે ખુલાસો કર્યો કે તેના જેવા અન્ય ઘણા લોકો પણ ભારતમાં પ્રવેશ્યા છે, પરંતુ તેની અટકાયત થતાં જ તેઓ છૂપાઈ ગયા છે. તેની પ્રવૃત્તિઓ અત્યંત શંકાસ્પદ છે અને તેની રાજ્ય અને કેન્દ્રીય એજન્સીઓ દ્વારા સંયુક્ત રીતે તપાસ કરવામાં આવી રહી છે."

અધિકારીઓએ વધુમાં જણાવ્યું કે આ જૂથ ભારતમાં આવતા પહેલા લેબનોનમાં ભેગું થયું હતું. પોલીસને શંકા છે કે મસ્જિદોમાંથી એકત્ર કરાયેલા ભંડોળનો દુરુપયોગ કરવામાં આવ્યો છે અને તેઓ પૈસાની લેવડદેવડની તપાસ કરી રહ્યા છે.

અધિકારીઓએ જણાવ્યું કે વિઝા નિયમોના ઉલ્લંઘન બદલ અલીની અટકાયતથી તાત્કાલિક તેની હકાલપટ્ટી અને બ્લેકલિસ્ટ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

### ટિકિટ બુકિંગ ૨૪ ઓગસ્ટ (રવિવાર) થી શરૂ થશે

# યાત્રીઓની સુવિધા માટે ૨૯ ઓગસ્ટે ભાવનગરથી બાંદ્રા ટર્મિનસ માટે દોડશે ''સ્પેશિયલ ટ્રેન''

પર્યુષણ પર્વ દરમિયાન થતી ભીડને સમાયોજિત કરવા અને યાત્રીઓની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર ટર્મિનસ અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે ખાસ ભાડે ''સ્પેશિયલ ટ્રેન'' ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા મુજબ આ વિશેષ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:–

- ટ્રેન નંબર ૦૯૨૧૦/૦૯૨૦૯ ભાવનગર – બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૨૧૦ ભાવનગર ટર્મિનસ - બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૯ ઓગસ્ટ, ૨૦૨૫ (શુક્રવાર)ના રોજ ભાવનગર ટર્મિનસથી રાત્રે ૨૦.૨૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે ૧૦.૨૦ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ જ રીતે, ટ્રેન નંબર ૦૯૨૦૯ બાંદ્રા ટર્મિનસ - ભાવનગર ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ ૩૦ ઓગસ્ટ, ૨૦૨૫ (શનિવાર)ના રોજ બાંદ્રા ટર્મિનસથી બપોરે ૧૩.૫૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે ૦૪.૩૦ વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં ભાવનગર પરા, સિહોર, સોનગઢ, ધોલા, બોટાદ, સુરેન્દ્રનગર ગેટ, વિરમગામ, અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, વાપી, પાલઘર અને બોરીવલી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એ.સી. ૨-ટિયર, એ.સી. ૩-ટિયર, સ્લીપર અને દ્વિતીય શ્રેણીના સામાન્ય કોચ રહેશે.

ટ્રેન નંબર ૦૯૨૧૦ અને ૦૯૨૦૯ માટે ટિકિટોની બુકિંગ ૨૪.૦૮.૨૦૨૫ (રવિવાર)થી યાત્રી આરક્ષણ કેન્દ્રો તથા આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. આ ટ્રેનના ઠહરાવ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને વેબસાઈટ www.enquiry.indianrail. gov.in પર જઈને અવલોકન કરી શકે છે.


**પશ્ચિમ રેલ્વે**

**ઓટોમેટિક પ્લગ ડોર સિસ્ટમ માટે AMC**

SR.CDO-MMCT ટેન્ડર નંબર: MMCT-AMC-PLUGDOORS-2025 તારીખ 22.08.2025 કામ અને સ્થાન: NDLS તેજસ રાજધાની એક્સપ્રેસ (12951/52)અને ઓગસ્ટ ક્રાંતિ તેજસ રાજધાની એક્સપ્રેસ (12953/54) ના રેકના ઓટોમેટિક પ્લગ ડોર સિસ્ટમ માટે AMC - કુલ રેક - 5 રેક. કામનો અંદાજિત ખર્ચ: રૂ.14,84,70,702.63/- EMD: રૂ. 8,92,400/-સબમિશનની તારીખ અને સમય: તા. 18.09.2025 ના 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 18.09.2025 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0530

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**ટેલિકોમ નેટવર્કનું અપગ્રેડેશન**

સિનિયર ડિવિઝનલ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (CO), 2જો માળ, ડિવિઝનલ રેલ્વે મેનેજર ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008 ટેન્ડર નંબર: WR-MMCT-SnT-STTD-14-2025 તારીખ 19.08.2025 કામનું નામ: ચર્ચગેટ: હાલના ટેલિકોમ નેટવર્કનું અપગ્રેડેશન અને GM ઓફિસ બિલ્ડિંગ અને ચર્ચગેટ સ્ટેશન બિલ્ડિંગમાં સ્થાપિત જૂના / વધુ જૂના ટેલિકોમ ઉપકરણો અને વાયરિંગને બદલવા. કામની કિંમત: રૂ. 9,90,85,813.95 બિડ સુરક્ષા: રૂ. 6,45,400/- જમા કરાવવાની તારીખ અને સમય: તા. 16.09.2025 ના 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 16.09.2025 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0520

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે - વડોદરા વિભાગ**

ઇ-ટેન્ડર નોટિસ નંબર. DRM-BRC 106 2025-26 ના

**યાર્ડસનો સુધારો અને અપગ્રેડેશન**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (W A/C), પશ્ચિમ રેલ્વે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચેના કામો માટે ભારતના રાષ્ટ્રપતિ વતી સીલબંધ ટેન્ડરો મંગાવવામાં આવે છે.

કામનું નામ: વડોદરા વિભાગ: SSE(PWAY)-GODHRA(Re-invited) (R-2) ના અધિકારક્ષેત્ર હેઠળ યાડ્ર્સનો સુધારો અને અપગ્રેડેશન.

કામનો અંદાજિત ખર્ચ (₹ માં): ₹. 8,63,23,075.60

બિડ સિક્યોરિટી જમા કરાવવાની રહેશે (₹માં): ₹. 5,81,600.00

ટેન્ડર સબમિટ કરવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:ટેન્ડર 15-09-2025 ના રોજ 15:00 કલાક પહેલા સબમિટ કરવાના રહેશે અને તે જ તારીખે 15:30 કલાકે ખોલવાના રહેશે.

વેબસાઇટની વિગતો અને સંપૂર્ણ વિગતો જોઈ શકાય તે સ્થાન માટેની સૂચના અને ટેન્ડર ફોર્મ ખરીદી શકાય તે કાર્યાલયનું સરનામું: વેબસાઇટ @ www.ireps.gov.in ડિવિઝનલ રેલ્વે મેનેજર (W A/C), પશ્ચિમ રેલ્વે, પ્રતાપનગર, વડોદરા-4.

BRC-153

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

નં. ડબલ્યુ/૧૧૮/એન.આઈ.ટી./ઈ-ટેન્ડર/૨૦૨૫-૨૬/ડબલ્યુએ/૨૭ તારીખ : ૨૧.૦૮.૨૦૨૫

**વિવિધ એન્જીનિયરીંગ કામ**

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ૧૫૨-૨૦૨૫-૨૬ | સિનિ. DEN (સેન્ટ્રલ) BVP અધિકારક્ષેત્ર : ભાવનગર ડિવિઝન : ટ્રેક માઉન્ટેડ ઓટોમેટિક ગેજ ફેસ લુબ્રિકેટર્સના મંજૂર થયેલા કામની સામે ટ્રેક માઉન્ટેડ ઓટોમેટિક ગેજ ફેસ લુબ્રિકેટર્સ કવર્સ (૩૬ નંગ) ની જોગવાઈ કરવાનું કામ. | ૩,૪૬,૯૭,૫૪૮.૮૦ | ૩,૨૩,૫૦૦.૦૦ |
| ૦૨ | ૧૫૩-૨૦૨૫-૨૬ | રાજુલા-પીપાવાવ અને ઢસા-રાજુલા સેક્શનમાં સ્વીચ એક્સપાન્શન જોઈન્ટ્સ (SEJs) ના ૮૭ નંગના બદલીકરણ સહિત થ્રુ વેલ્ડ રિન્યુઅલ (TWR) ના ૧૬૦૪ નંગના મંજૂર થયેલા કામની સામે ટ્રેક સંબંધિત કામ. | ૯૮,૪૭,૦૧૭.૦૦ | ૧,૯૭,૦૦૦.૦૦ |
| ૦૩ | ૧૫૪-૨૦૨૫-૨૬ | ADEN-પોરબંદર સબ ડિવિઝન : ભાવનગર ડિવિઝન : ટ્રેક મેન માટે ટૂલ રૂમ સહ રેસ્ટ રૂમ (૮૧ નંગ) ની જોગવાઈ કરવાના મંજૂર થયેલા કામની સામે ટ્રેક મેન માટે ટૂલ રૂમ સહ રેસ્ટ રૂમ (૨૩ નંગ) ની જોગવાઈ કરવાનું કામ. | ૨,૭૮,૮૩,૮૦૧.૮૬ | ૨,૮૯,૪૦૦.૦૦ |
| ૦૪ | ૧૫૫-૨૦૨૫-૨૬ | ભાવનગર ડિવિઝન : જનરલ સર્વિસ સ્ટોર્સ બિલ્ડીંગ્સમાં વધારો કરવાના અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારણાના મંજૂર થયેલા કામની સામે વેરાવળ અને પોરબંદર ખાતે સ્ટોર રૂમનું બાંધકામ કરવાનું કામ. | ૧,૩૯,૦૦,૪૪૧.૩૩ | ૨,૧૯,૫૦૦.૦૦ |
| ૦૫ | ૧૫૬-૨૦૨૫-૨૬ | સણોસરા - વધારાની લૂપ લાઈની જોગવાઈ કરવાનું કામ. | ૨,૯૭,૨૧,૭૯૩.૨૯ | ૨,૯૮,૬૦૦.૦૦ |
| ૦૬ | ૧૫૭-૨૦૨૫-૨૬ | ધોળા - ઢસા સેક્શન : GM નિરીક્ષણના સંબંધમાં ટ્રેક ઉણપ ઘટાડવા માટે ટ્રેક જાળવણી કામ. | ૨,૪૧,૬૫,૫૬૦.૮૫ | ૨,૭૦,૮૦૦.૦૦ |
| ૦૭ | ૧૫૮-૨૦૨૫-૨૬ | આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર-બોટાદ અધિકારક્ષેત્ર : સાબરમતી-બોટાદ સેક્શનના LHS નં. ૧૩૮A, ૧૩૯A, ૧૪૨A, ૧૪૪A૧ પર LHS ની ડ્રેનેજની સુધારણા માટે વધારાના સમ્પની જોગવાઈ કરવાનું કામ. | ૨,૩૧,૯૯,૧૪૬.૧૯ | ૨,૬૬,૦૦૦.૦૦ |
| ૦૮ | ૧૫૯-૨૦૨૫-૨૬ | ટ્રિમ્બલ ગેડો વોર્સિસ ટ્રોલી સિસ્ટમનો ઉપયોગ કરીને પ્રિ અને પોસ્ટ ટેમ્પીંગ ટ્રેક મેઝરમેન્ટ સર્વે કરવાનું કામ. | ૩,૧૩,૮૦,૦૯૯.૩૧ | ૩,૦૬,૯૦૦.૦૦ |
| ૦૯ | ૧૬૦-૨૦૨૫-૨૬ | DEN/પૂર્વ અધિકારક્ષેત્ર ગ્રુપ કામ (૧) ભાવનગર ડિવિઝન- મુખ્ય અને મહત્વપૂર્ણ પુલો પર TRR (P) ૨૦.૮૦૮ Tkm ના મંજૂર થયેલા કામની સામે મુખ્ય અને મહત્વપૂર્ણ પુલો પર TRR (P) ૪.૯૧૮ Tkm (૨) ભાવનગર ડિવિઝન - ૨ થી ૪ ડિગ્રી કર્વ ઉપર SWR ના LWR માં રૂપાંતરણના કામમાં ધોળા-ભાવનગર અને સાબરમતી-બોટાદ સેક્શનમાં ૨ થી ૪ ડિગ્રી કર્વ ઉપર SWR નું LWR માં રૂપાંતરણ (૩) બોટાદ-ધોળા સેક્શન : બોટાદથી LC નં. ૧૬૩ સુધી (૨ કિ.મી.) થ્રુ સ્લીપર રિન્યુઅલ. | ૧,૪૭,૬૭,૧૫૭.૫૦ | ૨,૨૩,૮૦૦.૦૦ |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે :- બિડિંગ પ્રારંભ થવાની તારીખ : ૨૯-૦૮-૨૦૨૫ અને બિડિંગ બંધ થવાની તારીખ: ૧૨-૦૯-૨૦૨૫

વેબસાઈટ વિગત: www.ireps.gov.in

BVP-109

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

## ધરોઈ ડેમનુ જળસ્તર વધ્યું : ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ધરોઈ ડેમ છલકાયો: ૪ જિલ્લામાં એલર્ટ : ૮ દરવાજા ખોલી પાણી છોડાયું : ૭ લોકો ફસાયા





પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં સતત વરસાદ વરસી રહ્યો છે. ઉત્તર ગુજરાત અને રાજસ્થાનમાં કેટલાક ભાગોમાં ભારે વરસાદને કારણે ધરોઈ ડેમમાં પાણીની આવકમાં સતત વધારો થઈ રહ્યો છે. મહેસાણા જિલ્લામાં આવેલો ધરોઈ ડેમ ઉપરવાસમાં થયેલા ભારે વરસાદ થવાને કારણે ઓવરફલો થવાની સપાટી પર પહોચ્યો છે. હાલમાં ડેમના ૮ દરવાજા ખોલીને પાણી સાબરમતી નદીમાં છોડવામાં આવી રહ્યુ છે. નીચાણવાળા વિસ્તારોની તંત્રએ એલર્ટ રહેવા સુચના આપી છે.

ગુજરાતમાં ભારે વરસાદને કારણે અનેક નદીઓમાં પુરની સ્થિતિ સર્જાઈ છે. હાલના મળેલા તાજા સમાચારો પ્રમાણે ઉત્તર ગુજરાતનો ધરોઈ ડેમ હાલ ૫૮ ટકાથી વધુ ભરાયો છે. જેમાં આજની તારીખે ૫૯૪૪૪ કયુસેક પાણીની આવક થઈ છે. મળતી માહિતી પ્રમાણે મહેસાણાના ધરોઈ ડેમના ૮ દરવાજા ખોલવામાં આવ્યા છે અને સાબરમતી નદીમાં ૫૮૮૮૦ કયુસેક પાણી છોડાઈ રહ્યુ છે. સાબરમતી નદીમાં પાણી છોડવાને લઈ કલેકટરોને જાણ કરવામાં આવી છે. સાબરમતીમાં પાણી વધતા મહેસાણા અને સાબરકાંઠા ના નદી કાંઠાના વિસ્તારોને એલર્ટ કરાયા છે. આ ઉપરાંત અમદાવાદ અને ગાંધીનગરના નદી કાંઠાના વિસ્તારોને એલર્ટ અપાયા છે. ખેડા જિલ્લામાં સાબરમતી નદી કાંઠાના વિસ્તારના લોકોને પણ એલર્ટ કરાયા છે. ધરોઈ ડેમમાં ૫૯૪૪૪ કયુસેક પાણીની આવક થઈ રહી છે. ધરોઈ ડેમમાં હાલ ૯૪.૨૦ ટકા પાણીનો જથ્થો છે. ઉત્તર ગુજરાતની જીવાદોરી સમાન ધરોઈ ડેમની જળસપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. ભારે વરસાદના કારણે ગુજરાતના જળાશયોમાં પાણીનો સારો એવો સંગ્રહ થયો છે.

ધરોઈ ડેમમાંથી પાણી છોડાતા સાબરમતી નદીની જળસપાટીમાં નોંધપાત્રો વધારો થયો છે. નદીના કાંઠાના વિસ્તારમાં આવેલા ગામોના લોકોને સુરક્ષિત સ્થળે ખસી જવા અને સાવધ રહેવા સુચના આપવામાં આવી છે. આ વરસાદથી જળાશયમાં પાણીનો સંગ્રહ વધતા પીવાના પાણી અને સિંચાઈની સમસ્યા હળવી થશે. જે ખેડુતો માટે રાહતરૂપ સાબિત થશે.

ધરોઈ ડેમમાંથી પાણી છોડાતા સાબરમતી નદીના પ્રવાહમાં વધારો થયો છે. જેના કારણે વડનગરના વાગડી ગામ નજીક નદીના પ્રવાહમાં ૭ લોકો ફસાયા હોવાની જાણકારી મળી છે. તંત્ર દ્વારા આ લોકોને બચાવવા માટે તાત્કાલીક રેસ્કયુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યુ છે. આવી પરીસ્થિતિઓમાં નાગરીકોને નદીના કિનારે ન જવાની અને સાવધાની રાખવાની અપીલ કરવામાં આવી છે. જેથી કોઈ અકસ્માત ન સર્જાય, આ ઘટનાએ ફરી એકવાર પુરના સમયે સાવચેતી રાખવાના મહત્વપર ભાર મુકયો છે.

## રાજયની ૧૧ હજાર શાળાઓને ૨ મહિનામાં ફી અંગે ઓનલાઈન સોંગદનામુ આપવુ પડશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયની ખાનગી સ્કુલોની ફી નકકી કરવા માટેના કાયદા અંતર્ગત જે સ્લેબ નકકી કરવામાં આવ્યા છે તેના કરતા ઓછી ફી વસુલનારી સ્કુલો માટે આગામી તા. ૧ સપ્ટેમ્બર થી ઓનલાઈન એફીડેવીટની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. રાજયમાં આવેલી ૧૧ હજાર કરતા વધારે સ્કુલોએ ૨ મહિનાની અંદર અરજીઓ કરવાની સુચના આપી દેવામાં આવી છે. જે સ્કુલોએ વધારે ફી લીધી હોય તેઓએ દરખાસ્ત કરવાની રહેશે. જો કે ૯૧ ટકા સ્કુલો એફીડેવીટના ક્ષેત્રમાં આવતી હોવાથી આગામી દિવસોમાં પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.

ખાનગી સ્કુલોની ફી નકકી કરવા માટે વર્ષ ૨૦૧૭ માં ફી નિર્ધારણનો નવો કાયદાનો અમલ કરવામાં આવ્યો છે. આ કાયદા અંતર્ગત ખાનગી સ્કુલોને જુદા જુદા ઝોન પ્રમાણે ફી રેગ્યુલેટરી કમિટી સમક્ષ ફી વધારા માટે દરખાસ્ત કરવાની હોય છે. કમિટી દ્વારા દરેક સ્કુલની ફી ૩ વરસ માટે નકકી કરવામાં આવતી હોય છે. મહત્વની વાત એ છે કે ફી નિર્ધારણ કાયદામાં કરાયેલી જોગવાઈ અંતર્ગત જે સ્કુલોએ નિયત કરાયેલી ફી સ્લેબ કરતા વધારે ફી લીધી હોય તેઓએ દરખાસ્ત કરવાની હોય છે. તો બીજી તરફ જે સ્કુલો એ નિર્ધારીત સ્લેબ કરતા ઓછી ફી લીધી હોય તેઓએ એફીડેવીટ કરીને આપવાની હોય છે. રાજયમાં આવેલી કુલ સ્કુલો પૈકી ૯૧ ટકા સ્કુલો વધારે ફી લેવા કરતા સ્લેબમાં નકકી કરાયેલી ફી કરતા ઓછી ફી લેવાનુ પસંદ કરતી હોવાથી તેઓએ માત્ર એફીડેવીટ જ કરવાની હોય છે. દર વરસે સ્કુલોએ હાર્ડકોપીમાં એફીડેવીટ આપવી ન પડે તે માટે હવે ઓનલાઈન એફીડેવીટ કરવી તેવો નિર્ણય કરવામાં આવ્યો છે. શિક્ષણ બોર્ડ દ્વારા દરેક સ્કુલો કે જેઓ ઓછી ફી વસુલવા માગે છે તેઓને ઓનલાઈન એફીડેવીટ રજુ કરવા સુચના આપી દેવામાં આવી છે.

વર્ષ ૨૦૨૬-૨૭ ની ફી નકકી કરવા આગામી ૧ સપ્ટેમ્બર થી એફીડેવીટ સ્વીકારવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. સ્કુલોએ એફઆરસી ગુજરાત પોર્ટલ પર આ પ્રક્રિયા કરવાની રહેશે. દરેક સ્કુલોને ૧ સપ્ટેમ્બર થી ૩૧ ઓકટોબર સુધીમાં એફીડેવીટ રજુ કરવાનુ રહેશે. જે સ્કુલોએ સ્લેબ કરતા વધારે ફી લેવાની છે તેઓએ વધારે ફી માટે દરખાસ્ત કરવાની રહેશે. આ દરખાસ્ત સાથે તમામ પ્રકારના દસ્તાવેજો પણ રજુ કરવા પડશે. આ તમામ દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ કઈ સ્કુલની કેટલી ફી વધારો આપવો તેની સત્તાવાર જાહેરાત ફી કમિટી દ્વારા કરવામાં આવશે.

## બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં વોટ ચોરી મામલે કોંગ્રેસનુ આક્રમક આંદોલનઃ પાલનપુરના ગુરૂનાનક ચોકમાં ધરણાંઃ ટ્રાફીક જામઃ એસટી બસો રોકાઈ





### પાલનપુરના ગુરૂનાનક ચોકમાં કોંગ્રેસના ધરણાં : કાંતી ખરાડી અને ગુલાબસિંહની કરાઈ અટકાયત : એસટી બસ ઉપર ચઢીને કરાયુ વિરોધ પ્રદર્શન

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

રાહુલ ગાંધી દ્વારા ચુંટણી આયોગ સામે સવાલો ઉઠાવીને વોટ ચોરી કરાતી હોવાના આક્ષેપો સાથે સત્તાધારી પક્ષ ભાજપ સામે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. ત્યારબાદ દેશભરમાં કોંગ્રેસ દ્વારા વોટ ચોરી મુદ્દે ભાજપને ઘેરવાનો પ્રયાસ કર્યો છે. ત્યારે ઉત્તર ગુજરાતમાં પણ કોંગ્રેસ દ્વારા વોટ ચોરી મુદ્દે ભારે વિરોધ દર્શાવવામાં આવી રહ્યો છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુરમાં ફરી એકવાર જિલ્લા કોંગ્રેસ દ્વારા ગુરૂ નાનક ચોકમાં વોટ ચોર, ગદ્દી છોડ ના સુત્રોચ્ચાર સાથે આક્રમક દેખાવ કરી ભાજપને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો.

જિલ્લા કોંગ્રેસ દ્વારા પાલનપુરના ગુરૂનાનક ચોકમાં ધરણાં કરી ભાજપ વિરોધી સુત્રોચ્ચાર કરાતા ટ્રાફીકજામના દ્રશ્યો સર્જાયા હતા. કોંગ્રેસ કાર્યકરોએ એસટી બસ રોકી બસ પર ચઢીને વોટ ચોરી મુદ્દે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. જો કે પોલીસે ધરણાં કરી રહેલા કોંગ્રેસીઓની અટકાયત કરતા ઘર્ષણની પરીસ્થિતિ ઉભી થઈ હતી. પોલીસે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપુત, ધારાસભ્ય કાંતીભાઈ ખરાડી, અમરતજી ઠાકોર અને મહિલા કાર્યકરો સહિત ૧૦૦ થી વધુ લોકોની અટકાયત કરી હતી. કોંગ્રેસ પાર્ટીએ ચુંટણીપંચ પર વોટ ચોરીનો આરોપ લગાવ્યો છે. જેમાં દાવો કરવામાં આવ્યો છે કે ભાજપના ઈશારે ચુંટણીપ્રક્રિયામાં ગેરરીતી થઈ રહી છે. આ મુદ્દે રાજયવ્યાપી આંદોલનના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુરમાં ગુરૂ નાનક ચોક ખાતે કોંગ્રેસના કાર્યકરોએ જોરદાર ધરણાં અને સુત્રોચ્ચાર કર્યા હતા. કાર્યકરોએ એસટી બસો રોકીને વોટ ચોરી બંધ કરો અને ચુંટણીપંચ મુર્દાબાદ જેવા સુત્રોચ્ચાર કર્યા હતા જેના કારણે શહેરમાં ટ્રાફીકજામની સ્થિતિ સર્જાઈ હતી. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ તાજેતરમાં કર્ણાટકની એક લોકસભા બેઠકના અભ્યાસને આધારે વોટ ચોરીનો મુદ્દો ઉઠાવ્યો હતો જેમાં મતદાર યાદીમાં ગેરરીતીઓ ડુપ્લીકેટ મતદારોનો દાવો કરવામાં આવ્યો હતો. બનાસકાંઠા માં પણ આવા આરોપો સાથે કોંગ્રેસે ચુંટણીપંચ વિરૂધ્ધ આક્રમક વલણ અપનાવ્યુ હતું.

ગુલાબસિંહ રાજપુતે જણાવ્યુ હતુ કે ભાજપની જીતમાં મતદાર યાદીમાં ગેરરીતીઓનો હાથ છે અને અમે આ મુદ્દે લોકોને જાગૃત કરીશુ, આ પ્રદર્શન રાજય વ્યાપી વોટર અધિકાર યાત્રાનો ભાગ છે. જેનો હેતુ ચુંટણીપ્રક્રીયામાં પારદર્શિતા અને ન્યાયની માંગણી કરવાનો છે. બનાસકાંઠાની લોકસભા બેઠક જે કોંગ્રેસના ગઢ તરીકે ઓળખાય છે ત્યાં ૨૦૨૪ ની ચુંટણીમાં કોંગ્રેસના ગેનીબેન ઠાકોરે ભાજપના રેખાબેન ચૌધરીને ૩૦ હજાર મતો થી હરાવ્યા હતા જે ગુજરાતમાં કોંગ્રેસની એકમાત્ર જીત હતી. આ જીત બાદ વાવ વિધાનસભા બેઠક પર થયેલી પેટા ચુંટણીમાં ગુલાબસિંહ રાજપુત ભાજપના સ્વરૂપજી ઠાકોર સામે હારી ગયા હતા.

## આજે ગાજવીજ સાથે વરસાદ ભુકકા બોલાવશેઃ મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું

### આવતી કાલે ૨૫ ઓગસ્ટ ના રોજ અમદાવાદમાં ભારે વરસાદની આગાહીઃ માછીમારોને દરીયો ન ખેડવા આપી સુચના



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ફરી એકવાર મેઘરાજાનુ રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યુ છે. હવામાન વિભાગ દ્વારા આગામી ૭ દિવસ એટલે કે ૨૯ ઓગસ્ટ સુધી રાજયમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

મૌન્સુન ટ્રફ અને સાયકલોનીક સરકયુલેશનના કારણે આજે વરસાદનુ જોર વધશે, સાબરકાંઠા, મહેસાણા અને અરવલ્લી જિલ્લાને ઓરેન્જ એલર્ટ જાહેર કરાયુ છે.

હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં આજે વરસાદનુ જોર વધશે. સાબરકાંઠા, નવસારી, વલસાડ, દમણ, મહેસાણા અને અરવલ્લી જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત જુનાગઢ, મહિસાગર, તાપી અને ડાંગ જેવા જિલ્લાઓમાં પણ ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. તો બીજી તરફ કચ્છ, બનાસકાંઠા, પાટણ, સહિતના ૧૭ જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. આજે તા. ૨૪ ઓગસ્ટના રોજ જુનાગઢ, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લી માં ઓરેન્જ એલર્ટ રહેશે. અમદાવાદમાં આવતી કાલે ૨૫ ઓગસ્ટના રોજ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. માછીમારોને આગામી ૫ દિવસ દરીયો ન ખેડવા સુચના આપવામાં આવી છે.

## અમદાવાદમાં આવતી કાલે વડાપ્રધાનનો ૧.૬ કિ.મી.નો રોડ શોઃ હરીદર્શન ચાર રસ્તાથી ખોડલધામ ગ્રાઉન્ડ સુધી આયોજન



પ્રતિનિધિ,ગાંધીનગર

વડાપ્રધાન મોદી આવતી કાલે સોમવારથી બે દિવસ ગુજરાતના પ્રવાસે છે. ત્યારે અમદાવાદના નિકોલ વિસ્તારમાં જાહેર સભા ઉપરાંત તેઓ ૧.૬ કિ.મી.નો રોડ શો પણ યોજશે. બપોરે ૪ વાગે અમદાવાદ એરપોર્ટ પર આગમન થયા બાદ વડાપ્રધાન હરીદર્શન ચાર રસ્તાથી ખોડલધામ ગ્રાઉન્ડ સુધી રોડ શો યોજશે. ત્યારબાદ ગ્રાઉન્ડમાં જાહેરસભાને સંબોધશે. તેમના રોડ શો અને સભામાં ૧ લાખ લોકો એકત્રીત થવાનો અંદાજ છે. આ અગાઉ વડાપ્રધાન મોદીની મુલાકાતના કાર્યક્રમમાં આવતી કાલે ૨૫ મી ઓગસ્ટના રોજ અમદાવાદમાં ફકત જાહેરસભાનુ જ આયોજન હતું. જો કે હવે એમાં રોડ શો ઉમેરવામાં આવ્યો છે. વડાપ્રધાન મોદી એરપોર્ટ પરથી સીધા નિકોલના ખોડલધામ ગ્રાઉન્ડ પર જશે. અમદાવાદ એરપોર્ટ થી ઈન્દીરા સર્કલ સુધી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરાશે. એરપોર્ટ થી ઈન્દીરા સર્કલ સુધી વિવિધ ૧૨ સ્ટેજ બનાવવામાં આવ્યા છે. સરકારી પ્રવકતા ઋષીકેશ પટેલે જણાવ્યુ હતુ કે વડાપ્રધાન મોદી અમદાવાદમાં ૫૫૦૦ કરોડના વિકાસ કાર્યોના લોકાર્પણ / ખાતમુહુર્ત અને જાહેરસભાને સંબોધવાના છે. રેલ્વે રોડ બિલ્ડીંગ અને ઈન્ફ્રાસ્ટ્રકચર વગેરેના કરોડો રૂપીયાના વિકાસ કાર્યોના તેઓ લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવાના છે. લોકો વડાપ્રધાનને આવકારવા માટે ખુબ ઉત્સાહિત છે. ત્યારે નરોડા હરીદર્શન ચાર રસ્તાથી ખોડલધામ ગ્રાઉન્ડ સુધી ૧.૬ કિ.મી.નો રોડ શો યોજાનાર છે. બીજે દિવસે ૨૬ મી એ મારૂતિ સુઝુકીના ઉટ હબનુ લોકાર્પણ કરશે. આ ઉપરાંત અમદાવાદના શેલા, મણીપુર, ગોધારી, સનાથલ અને તેલાવ વિસ્તારમાં વરસાદની પાણીના નિકાલ અને ડ્રેનેજ લાઈન નાખવાના ૧૧૦ કરોડના કામ, ચાંદખેડા અને નારણપુરામાં ૫૦ કરોડના ખર્ચે વોટર ડિસ્ટ્રીબ્યુશન સેન્ટ્રર બનાવવામાં આવશે. શહેરના વાડજ ના રામાપીર ટેકરા ખાતે ૧૩૩.૪૨ કરોડના ખર્ચે બનાવેલા ૧૪૪૯ આવાસ તથા ૧૩૦ દુકાનનુ લોકાર્પણ કરશે. સીજી રોડ અને લો ગાર્ડનની આસપાસનો ૬.૬ કિ.મી.ના વિસ્તારને ૧૦૦ કરોડના ખર્ચે ડેવલપમેન્ટ કરાશે. જેમાં સ્કલ્પચર, પ્લે ગાર્ડન એરીયા, ફુટપાથ, પ્લેસમેકીંગ, સાથે બ્યુટીફીકેશન કરાશે. આ વિકાસ કાર્યનુ ખાતમુહુર્ત વડાપ્રધાન કરશે.

## અંબાજી મેળા માટે એસટી વિભાગ દ્વારા ૧૩૦૦ બસો મુકવામાં આવશે : ૪ હજાર કર્મચારીઓ અને અધિકારીઓ ખડેપગે સેવા આપશે



પ્રતિનિધિ,ગાંધીનગર

યાત્રાધામ અંબાજીમાં આગામી યોજાનારા ભાદરવી મહામેળામાં લાખો શ્રધ્ધાળુઓની પરીવહન વ્યવસ્થા માટે એસટી વિભાગ દ્વારા આગવુ આયોજન હાથ ધર્યુ છે. જેમાં ૧૩૦૦ એસટી બસો મુકવામાં આવશે. જેમાં ૪ હજાર જેટલા એસટી કર્મચારીઓ અને અધિકારીઓ રાઉન્ડ ધ કલોક ફરજ પર તૈનાત રહેશે. યાત્રાધામ અંબાજીમાં આગામી ૧ સપ્ટેમ્બર થી યોજાનારા ભાદરવી મહાકુંભમાં લાખો માઈભકતો મા અંબાના દર્શનાર્થે આવશે ત્યારે માઈભકતોએ મા અંબાના દર્શન કરી પોતાના નિર્ધારીત સ્થાને પરત મુકવા માટે એસટી વિભાગ દ્વારા પણ મુસાફરોની પરીવહન વ્યવસ્થા માટે આગવુ અને સુચારૂ આયજન કરવામાં આવ્યુ છે.

આ અંગે એસટી વિભાગના સુત્રોના કહેવા પ્રમાણે ગત વર્ષના મેળા દરમિયાન એસટી વિભાગને રૂપીયા ૩.૨૧ કરોડની આવક ઉભી થઈ હતી. જયારે આગામી મેળામાં યાત્રીકોની વધતી જનસંખ્યાને ધ્યાને લઈ આગવુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં અંબાજી, ડીસા, પાલનપુર અને સિધ્ધપુર ડેપોની ૩૬૫ મોટી બસો અને ૪૦ મીની બસો જયારે અમદાવાદ, મહેસાણા અને હિંમતનગર ડીવીઝનની ૯૦૦ મળી કુલ ૧૩૦૦ એસટી બસો દ્વારા સમગ્ર મેળાની પરીવહન વ્યવસ્થા ગોઠવવામાં આવશે. ૭ દિવસીય મહામેળામાં એસટી વિભાગના વિભાગીય નિયામક, વિભાગીય પરીવહન અધિકારીની સીધી દેખરેખ હેઠળ એસટી વિભાગના ૪ હજાર જેટલા કર્મચારીઓ અને અધિકારીઓ રાઉન્ડ ધ કલોક ભકતોને પરીવહન સેવામાં તૈનાત રહેશે.

જયારે દાંતા થી અંબાજી સુધી પણ ૧૦ મીની બસો દ્વારા યાત્રિકોની પરીવહન વ્યવસ્થા ગોઠવવામાં આવશે. અંબાજી આસપાસનો ઘાટી વિસ્તાર જોતા આકસ્મિક સંજોગો માટે ક્રેઈનની પણ વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. આ સાથે એસટી વિભાગ દ્વારા પ્રતિદીન ૧ હજાર જેટલા એસટી કર્મચારીઓ અને મિકેનીક સ્ટાફ માટે પણ ભોજનની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

## કન્ટેનરમાં છુપાવેલો રૂ.૬૮.૪૭ લાખના દારૂ-બિયરના જથ્થા સાથે ચાલક ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

ભરૂચ એલસીબીએ પાનોલી જીઆઈડીસીમાં કટીંગ થાય તે અગાઉ કન્ટેનરમાં ઈલેકટ્રોનિક સામાનની આડમાં છુપાવેલ વિપુલ પ્રમાણમાં દારૂના જથ્થા સાથે ચાલકને ઝડપી પાડ્યો હતો. પોલીસે દારૂ બિયરના ૪૬૨૯ નંગ, ફ્રીજ, ટીવી, કોમ્પ્યુટર જેવા ઈલેક્ટ્રોનિક સામાન તથા કન્ટેનર સહિત કુલ રૂ.૬૮.૪૭ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરી અન્ય ત્રણ શખ્સોને ફરાર જાહેર કર્યા હતા.

ભરૂચ એલસીબી ટીમને બાતમી મળી હતી કે, પાનોલી જીઆઈડીસીમાં બંધ બોડીના કન્ટેનરમાં દારૂનો જથ્થાનું કટીંગ થવાનું છે. જેના આધારે પોલીસે મેઘમણી કંપની તરફ જવાના માર્ગ ઉપરથી બાતમી મુજબના કન્ટેનરને શોધી કાઢી ચાલક રાજસ્થાનના સંતોષ સોનલાલ પ્રજાપતિને ઝડપી પાડ્યો હતો.

ચાલકે કન્ટેનરમાં ટીવી, એલસીડી, ફ્રીજ, કોમ્પ્યુટર હોવાનું જણાવી રૂ.૩૩,૧૦,૦૬૪ નું બિલ દર્શાવ્યું હતું. પોલીસે તલાસી લેતા ખાનગી કંપનીના ઈલેકટ્રોનિક સામાનની આડમાં છુપાવેલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પાનોલી પોલીસે રૂ.૧૫,૨૭,૪૨૦ની કિંમતના દારૂની નાની મોટી બોટલો તથા બિયરના ટીન નંગ ૪૬૨૯, કન્ટેનર, રૂ.૩૩,૧૦,૦૬૪ ની કિંમતના એલસીડી, ફ્રીજ, ટીવી, કોમ્પ્યુટર નંગ ૮૬, સહિત કુલ રૂ.૬૮,૪૭,૪૮૪નો મુદામાલ કબજે કરી ચાલકની પ્રોહીબિશનના ગુનામાં અટકાયત કરી અન્ય ત્રણ શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા હતા. આરોપીએ પોલીસ સમક્ષ કબુલાત કરી હતી કે, મિત્ર ગોપાલસિંગ ઉર્ફે ગોપી રાજપુતએ મને કહ્યું હતું કે, મેં દમણ તથા સેલવાસથી દારૂ મેળવી ગુજરાતમાં સપ્લાય કરું છું. તું તારા કન્ટેનરમાં દારૂનો જથ્થો ભરી લાવીશ તો તને એક ટ્રીપના રૂ.૨૦ થી ૨૫ હજાર આપીશ. ગઈ તા.૨૧ ઓગસ્ટના રોજ મેં ભીવંડીથી ઈલેક્ટ્રોનિક સામાન ભરીને તલાશરી બોર્ડર પહોંચ્યો હતો.

જ્યાંથી મેં અને ગોપાલસિંગ સેલવાસ પહોંચતા ચેતનભાઈ નામની વ્યક્તિએ દારૂનો જથ્થો ભરી આપ્યો હતો. ત્યારબાદ પાનોલી લેન્ડમાર્ક હોટલથી એક કારની પાછળ જવા દઈ પાનોલી જીઆઈડીસી પહોંચ્યા હતા. પોલીસની ગંધ આવતા ગોપાલસિંહ તથા કારચાલક નાસી છૂટ્યા હતા.

## મહેસાણા જિલ્લાના ખેરાલુ માં એટીએમ કાર્ડ બદલીને ગઠીયો રૂ.૪૦ હજાર ઉપાડી થયો છુમંતર

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા કથળી ગઈ છે. દિન પ્રતિદિન હત્યા, લુંટ, માદક પદાર્થો પકડાવવા, છેતરપીંડી , સાયબર ફ્રોડ, દુષ્કર્મ અને હીટ એન્ડ રનના કેસો સતત વધી રહ્યા છે. ત્યારે આવો જ એક બનાવ મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના મહેકુબપુરા ગામમાં બન્યો છે. મળતી માહિતી પ્રમાણે મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના મહેકુબપુરા ગામમાં એક વ્યકિત સાથે એચડીએફસી બેંકના એટીએમમાં છેતરપીંડીનો કિસ્સો બહાર આવ્યો છે. પીરખાન બલોચ નામના વ્યકિત લાઈટબીલ ભરવા માટે એચડીએફસી બેંકના એટીએમ પર ગયા હતા. પૈસા ન નિકળતા તેમણે બાજુમાં ઉભેલા એક અજાણ્યા યુવકની મદદ માંગી હતી, યુવકે તેમનો સાચો પીનકોડ જાણી લીધો અને ચાલાકી પૂર્વક એટીએમ કાર્ડ બદલી નાખ્યુ , તેણે પીરખાનને ખાતામાં પૈસા ન હોવાનુ કહીને પાછા મોકલ્યા, થોડા સમય બાદ પીરખાનના પુત્રના મોબાઈલ પર રૂપીયા ૪૦ હજાર ઉપાડવામાં આવ્યાનો મેસેજ આવ્યો, જેનાથી તેમને છેતરપીંડી થઈ હોવાનો માલુમ પડયુ હતું. યુવકને જાણ થતાની સાથે જ તેણે પોલીસને જાણ કરતા સદનસીબે સમયસર બેંક ખાતુ બંધ કરાવી દેવાથી વધુ નુકશાન અટકયુ હતું. આ બનાવને લઈ પીરખાન બલોચે ખેરાલુ પોલી મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે એટીએમના સીસીટીવી કુટેજના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

